॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

(પ.પૂ. ગુરુદેવ રચિત - "વિજળીના ઝબકારે" માંથી સાભાર)

તેઓ જ આપણા ગુરુ

પુત્ર કહે : પિતાજી! આપ ગુરુમહત્તાની ખૂબ વાતો કરો છો અને ગુરુ હોવા જ જોઈએ એવો આગ્રહ પણ ખૂબ રાખો છો, પણ કાલે જ અમારી કૉલેજમાં હિમાલયના એક સંતનું પ્રવચન હતું. તેઓ તો કહેતા કે, "ગુરુ કરવાની કાંઈ જ જરૂરત નથી. થોડા અંતર્મુખ થઈને ચિંતન-મનન કરવાથી યોગ્ય માર્ગદર્શન અંતરમાંથી જ મળી જતું હોય છે."

પિતાજી કહે : "ગુરુની જરૂરત નથી..." વગેરે વાતો આપણને અન્ય પાસેથી – હિમાલયના સંત પાસેથી જાણવા મળીને? તેથી તેઓ પણ આપણા ગુરુ. દત્તાત્રેયને ચોવીસ ગુરુઓ હતા. તેનું રહસ્ય પણ ખૂબ ઊંડાણપૂર્વક સમજવું જરૂરી છે. આપણી સંસ્કૃતિમાં ગુણગ્રાહકપણાની જબરજસ્ત મહત્તા છે. તે દર્શાવવા જૂની કહેવત છે કે, "કાંટો કાઢનારાનો પણ ગુણ કેમ ભુલાય?" અસ્તુ.

આપણી લઘુતાને ટાળીને આપણી ગુરુતામાં વૃદ્ધિ કરનાર સૌકોઈને આપણે ગુરુનું સ્થાન આપીએ છીએ. આપણા ચાલુ વ્યાવહારિક જીવનમાં પણ એ પ્રથા અપનાવાઈ ચૂકેલી છે. ભલે માનનીય વ્યક્તિઓને ગુરુનું સંબોધન નથી કરતા; તેમને કોઈને સાહેબ, માસ્તર, બોસ, વડીલ-મુરબ્બી કે શ્રદ્ધેય-પૂજનિક વગેરે જેવાં સંબોધનો દ્વારા, તેવા ઉમદા ભાવોના આરોપણ દ્વારા ગુરુપ્રથાને જ સમર્થન આપતા હોઈએ છીએ.

• • •

ગુરુ બાદ તો આપણે બાદ

આપણે જે કાંઈ મેળવ્યું છે, મેળવી રહ્યા છીએ અને મેળવીશું તે બધું જ જાણ્યે-અજાણ્યે અન્યો પાસેથી જ મેળવી રહ્યા છીએ. અન્યો પણ જાણ્યે-અજાણ્યે આપણને સતત કાંઈક આપતા જ રહ્યા છે.

જન્મ થયો ત્યારે તો સંપૂર્ણ દિગંબર અવસ્થામાં હતા. માતાપિતાએ તથા અન્ય સગાં-સ્નેહીઓએ આપણને મોટા થવામાં ખૂબ સહાય કરી. વૈદ્ય-ડૉકટરોએ ખૂબ સહાય કરી, દરજી-મોચીએ કપડાં-બૂટ બનાવી આપ્યાં, શિક્ષકો-પ્રોફેસરોએ ગુજરાતી-અંગ્રેજી ભાષા શીખવી અનેક વિષયમાં નિષ્ણાત કર્યા. સૌની પાસેથી મેળવેલું સૌને પાછું આપી દઈએ તો પાછા દિગંબર અવસ્થામાં આવી જવાય, અને દિગંબર શરીર પણ માતા-પિતાનું આપેલું છે. તે પણ તેમને પાછું આપી દઈએ એટલે શરીર પણ ન રહ્યું. આમ અન્યોની સહાયને – ગુરુપ્રથાને માન્ય ન રાખીએ, તેને બાદ કરી નાખીએ તો આપણે જ બાદ થઈ જઈએ.

• • •

ઋતમ્ભરા

ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું

બહુજનહિતાય - બહુજનસુખાય

વર્ષ - ૨૪ (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ) માનદ્ તંત્રી - નેષધ વ્યાસ

VOL - XXIV 2007-2008 ISSUE - III સંકલન - ડો. સ.સ.ભિક્ષુ

મુક્તા

(પાતંજલ યોગદર્શન - સમાધિપાદ) — યોગભિક્ષુ

પાતંજલ યોગદર્શનના સમાધિપાદમાં આપણે સંપ્રજ્ઞાત સમાધિ અને અસંપ્રજ્ઞાત સમાધિ વિષે સમજી રહ્યા છીએ. મનુષ્ય જ્યારે તૃષ્ણારહિત થાય ત્યારે તેનું ચિત્ત સમાધિના અભ્યાસ માટે લાયક બને છે. સમાધિ બે પ્રકારની છે – સંપ્રજ્ઞાત અને અન્ય (અસંપ્રજ્ઞાત).

'સંપ્રજ્ઞાત' શબ્દનો અર્થ છે, ખૂબ સારી રીતે જાણવું. સંપ્રજ્ઞાત એટલે ધ્યેયના – વસ્તુ-પદાર્થના સ્વરૂપને ખૂબ સારી જાણી લેવું, ખૂબ ઊંડાણથી અને સચોટપણે જ્ઞાત કરી લેવું; વસ્તુ-પદાર્થના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું. વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતામય થઈને જે એકાગ્રતા પ્રાપ્ત થાય છે તેનું નામ સંપ્રજ્ઞાત સમાધિ છે. સ્થૂળ પદાર્થ ઉપર વિશેષ તર્ક કરતાં કરતાં તેના મૂળ તત્ત્વને જાણી લેવાનો પ્રયત્ન કરતા હોઈએ ત્યારે ચિત્ત વિતર્કમય હોય છે, જેના કારણે પ્રાપ્ત થતી એકાગ્રતાને વિતર્કસમાધિ કહે છે. સ્થૂળના બદલે સૂક્ષ્મ પદાર્થ ઉપર વિતર્ક કરવામાં આવે તેને વિચાર કહે છે અને વિચારમય થવાના કારણે પ્રાપ્ત થતી એકાગ્રતાને વિચારસમાધિ કહે છે. વિતર્ક અને વિચાર સમાધિ પ્રાપ્ત થયેલા ચિત્તને એ વાતની ખબર પડે છે કે સ્થૂળ પદાર્થ પણ હું નહીં અને સૂક્ષ્મ પદાર્થ પણ હું નહીં. આ વાતની ખબર પડતાં તે આનંદમાં મસ્ત થઈને એકાગ્ર થઈ જાય છે, જેને આનંદસમાધિ કહે છે. આ આનંદ અવસ્થામાં આગળ વધતાં વધતાં કેવળ 'અસ્મિતા', અર્થાત્ 'અસ્મિ-અસ્મિ', એટલે કે 'છું છું છું' એમ કેવળ અસ્તિત્વનું જ ભાન રહેવું તેનું નામ અસ્મિતાસમાધિ.

ચાર સમાધિઓનો સમાવેશ સંપ્રજ્ઞાતમાં થયો. તેનાથી જે અન્ય જુદી છે તે 'અસંપ્રજ્ઞાત'. વૃત્તિઓને વિરામ પમાડવાની યુક્તિનો પુનઃ પુનઃ અભ્યાસ કરતાં કરતાં તેના માત્ર સંસ્કાર બચી રહે તે અવસ્થાને અસંપ્રજ્ઞાત સમાધિ કહે છે. આવી અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત થઈ હોય એવા ભાગ્યશાળી કોણ છે?

એવા ભાગ્યશાળી એ છે કે જે અસંપ્રજ્ઞાતના જ્ઞાનસહિત જન્મે છે અને વિદેહી અને પ્રકૃતિલયીની જેમ જીવે છે. સંપ્રજ્ઞાત એટલે ખૂબ સારી રીતે અને ખૂબ ઊંડાણથી જાણી લેવું અને અસંપ્રજ્ઞાત એટલે તે જાણી લીધેલા બધાથી ઉપરામ થવું. કોઈ-કોઈ તો જન્મતાંની સાથે જ અસંપ્રજ્ઞાત સમાધિનું જ્ઞાન લઈને આવે છે. ગત જન્મોમાં જ્ઞાનની પ્રાપ્તિ માટે ખૂબ અભ્યાસ કરેલો હતો પરંતુ જન્મ પ્રાપ્ત કરવો પડે તેવું એકાદ કોઈ કારણ બાકી રહી ગયું હતું. તેથી તેને જન્મ તો પ્રાપ્ત કરવો પડ્યો પરંતુ ગત જન્મોના અભ્યાસના કારણે અસંપ્રજ્ઞાતનું જ્ઞાન-સ્મરણ સાથે જ રહ્યું. અને આ જ્ઞાનના કારણસર તેઓ જન્મતાંની સાથે જ વિદેહી અને પ્રકૃતિલયીની જેમ જીવે છે. જેમનો ગત-જન્મોનો અભ્યાસ ઓછો હોય છે તેઓ શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, (સંપ્રજ્ઞાત) - સમાધિ અને પ્રજ્ઞા દ્વારા અસંપ્રજ્ઞાત સમાધિ મેળવે છે.

જેમને અસંપ્રજ્ઞાત સમાધિ જન્મતાંની સાથે પ્રાપ્ત નથી થઈ તેઓ ઉપરોક્ત પાંચ ઉપાયો દ્વારા તેને પ્રાપ્ત કરે છે. તો આવા સાધકો માટે વેગની મહત્તા દર્શાવતું એકવીસમું સૂત્ર આવે છે.

તીવ્ર સંવેગાનામાસન્નઃ ॥૨૧॥

ભાવાર્થ : તીવ્ર અને વિવેકવાળા વેગવાળાને (અસંપ્રજ્ઞાત યોગ) શીઘ્ર પ્રાપ્ત થાય છે.

વિસ્તાર : અસંપ્રજ્ઞાત, યોગ શીઘ્ર પ્રાપ્ત કરવામાં તીવ્ર સંવેગની જરૂરત છે. અહીં 'વેગ' ના કહેતાં 'સંવેગ' કહ્યો છે. સંવેગ એટલે ઘણો વેગ અને સંવેગનો બીજો અર્થ છે સાચો વેગ, વિવેકવાળો વેગ; આંધળો વેગ નહીં, ઘેલો વેગ નહીં. વેગ તો ખરો જ પણ તેમાં આ શરતો છે કે વેગ જાગતો હોવો જોઈએ.

જો અવિચારી વેગ હોય, જો આંખો બંધ કરીને દોટ મૂકીએ તો ઊંડા ખાડામાં પડીએ. પ્રયત્ન તો કરીએ પણ તે જો અવિવેકી હોય તો પેલા ઉંદર જેવું થાય.

ફળાદિની પ્રાપ્તિની લાલચે ઉંદર બિચારો રાતભર કરંડિયો કાપવાનો પ્રયત્ન કરતો રહ્યો પરંતુ કરંડિયો જ્યારે કપાઈ રહ્યો ત્યારે તેને અંદરથી શું મળ્યું? ભોજનના બદલે સાપ. સાપ ઉંદરનું ભોજન કરી ગયો. આનું નામ વિચાર વિનાનો પ્રયત્ન. તેથી જ આ સૂત્રમાં 'વેગ' થી કાંઈક વિશેષતા બતાવવા 'સંવેગ' શબ્દ વપરાયો છે. વેગની આગળ ''સં'' પ્રત્યય લાગતાં તે શબ્દ ખૂબ અર્થસભર અને કલ્યાણકારી થઈ ગયો છે.

સાધનામાં પણ આપણે જો આપણી પરિસ્થિતિનો વિચાર કર્યા સિવાય ''અતિ'' કરી નાખીએ તો ''દેખાદેખી સાધે જોગ, છીજે કાયા બાઢે રોગ'' જેવું થાય. સાધનામાં પાલન કરવા પડતા યમ-નિયમનું પાલન ન કરીએ અને આપણી શારીરિક ક્ષમતાની ઉપરવટ જઈને પરિશ્રમ કરીએ તો અસાધ્ય રોગમાં સપડાઈએ. પછી યોગને વગોવીએ કે મને યોગની સાધના કરતાં આમ થયું ને તેમ થયું. આપણી મૂર્ખતાના કારણે હેરાન થયા તેની જો ખબરેય ના પડે તો આપણે કેટલા મંદબુદ્ધિ કહેવાઈએ!

સાધનામાં વિવેકની કેટલી જરૂરત છે તેનો પૂરો ખ્યાલ, ''સંવેગ'' શબ્દથી મુનિ પતંજલિએ આ સૂત્ર દ્વારા આપી દીધો છે.

વેગનો અર્થ માત્ર ગતિ જ નથી સમજવાનો. વેગ-સંવેગનો અર્થ થયો સાધનામાં પૂર્ણ સમતોલપણે આગળ વધવું, સમગ્ર દૃષ્ટિકોણના અધ્યયનપૂર્વક આગળ વધવું, બધી જ દિશાઓનું આરપાર અવલોકન કર્યા પછી જ આગળ પગલાં ભરવાં વગેરે વગેરે.

ઉપરની ચેતવણીથી એ વાત કદી ભુલાવી ન જોઈએ કે અવિચારી-અવિવેકી વેગ, આગળ વધારવાંના બદલે પાછળ ધકેલી દે છે, અને ક્યારેક તો એવી પરિસ્થિતિમાં મૂકી દે છે કે – એવી લાંચારીમાં ફસાવી નાખે છે કે પછી આ જન્મે કદી આગળ વધી જ ના શકીએ. અસ્તુ.

અસંપ્રજ્ઞાત યોગ સિદ્ધ કરવા માટે પાંચ સાધનોનું પાલન-આચરણ બતાવવામાં આવ્યું અને તેનું નામ આપ્યું ઉપાયપ્રત્યય. સાધનામાં જેનો જેટલો વેગ વધારે તેને તેટલી પ્રાપ્તિ વહેલી. તીવ્ર સંવેગવાળા સાધકને અસંપ્રજ્ઞાત યોગ જલદી પ્રાપ્ત થાય છે. અર્થાત્ તે શીઘ્રતાથી તેને અનુભવી લે છે. અસ્તુ.

મૃદુમધ્યાધિમાત્રત્વાત્ ततोऽपिविशेषः ॥૨૨॥

ભાવાર્થ : મૃદુ કરતાં મધ્ય વેગવાળો અને તેના કરતાં અધિમાત્ર (અધિક) વેગવાળો વિશેષ છે.

વિસ્તાર : આ પણ વેગની માત્રા બતાવતું સૂત્ર છે. મૃદુ વેગવાળા કરતાં મધ્ય વેગવાળો વિશેષ છે અને મધ્ય વેગવાળા કરતાં અધિમાત્ર વેગવાળો વિશેષ છે. વિશેષ છે એટલે કે અસંપ્રજ્ઞાત સમાધિ જલદી પ્રાપ્ત કરી લે છે.

જન્મથી અને ઉપાયથી જ્ઞાનની પ્રાપ્તિ, એટલે કે જે જન્મતાં જ જ્ઞાન સાથે લઈને આવે છે તે અને જે ઉપાયથી પ્રાપ્ત કરે છે તે. આમ બે પ્રકારે અસંપ્રજ્ઞાત યોગ પ્રાપ્ત કરી શકાય છે તે જાણ્યું. આ બે રીત સિવાય તેની ત્રીજી પણ કોઈ રીત છે – હશે? હા, હવે ત્રીજી રીત પણ કહે છે.

ઈશ્વરપ્રણિધાનાદ્વા ॥૨૩॥

ભાવાર્થ : અથવા તો ઈશ્વર-શરણાગતિથી (અસંપ્રજ્ઞાત યોગની પ્રાપ્તિ થાય છે.)

વિસ્તાર : અસંપ્રજ્ઞાત યોગ જન્મથી, ઉપાયથી અને ઈશ્વરપ્રણિધાનથી પ્રાપ્ત કરી શકાય છે.

ઈશ્વરપ્રણિધાન એટલે ઈશ્વરની શરણાગતિ, સંપૂર્ણપણે ઈશ્વરના શરણે થઈ જવું. શરણાગતિ માટે અંગ્રેજીમાં શબ્દ છે 'સરેન્ડર'. ઈશ્વરપ્રણિધાન એટલે ઈશ્વરને સંપૂર્ણ સમર્પણ કરી દેવું. જેને અસંપ્રજ્ઞાત યોગ જન્મથી પ્રાપ્ત નથી અને જે ઉપાયથી પણ મેળવી શકે તેમ નથી અને છતાંય પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે તેના માટે ત્રીજો ઉપાય બતાવ્યો, કે ઈશ્વરની શરણાગતિ સ્વીકારી લેવી. આ ઉપાય આમ તો બહુ સહેલો લાગે છે કે ''ઓહ! આમાં શું? આ તો બહુ સરસ! માત્ર ઈશ્વરશરણે ચાલ્યા જઈશું એટલે અસંપ્રજ્ઞાત યોગ પ્રાપ્ત થઈ જશે.'' આમ બોલવામાં તો સરળ લાગે છે. જો કે તે અતિ સરળ પણ છે અને મહાકઠિન પણ છે. શરણાગતિ સ્વીકારતાં આવડે તો અતિ સરળ છે. શરણાગતિ સ્વીકારવી સહેલી નથી. જીવનમાં ઘણું બધું સમાધાન પ્રવર્તતું હોય તો જ ઈશ્વરની શરણાગતિ સ્વીકારી શકાય છે, તો જ ઈશ્વરના શરણે જઈ શકાય છે, તો જ ''ભેંસનો પગ ભાંગ્યો તો સારા માટે'' એમ કહી શકવાની હિંમત કરી શકાય છે.

અસંપ્રજ્ઞાત યોગનું જ્ઞાન જેઓને જન્મથી જ હોય છે તેમણે પણ તે, ગતજન્મોમાં અભ્યાસ કરીને જ પ્રાપ્ત કરેલું હોય છે. તેથી ખરેખર તો એ પણ ઉપાયથી જ પ્રાપ્ત થયેલું જ્ઞાન કહેવાય. આ દૃષ્ટિએ જોતાં અસંપ્રજ્ઞાત યોગનું જ્ઞાન પ્રાપ્ત કરવાની બે જ રીતો થઈ કહેવાય. પહેલી 'ઉપાય' અને બીજી 'પ્રણિધાન' અર્થાત્ શરણાગતિ. પહેલી રીતના ઉપાયમાં પ્રયત્ન, પુરુષાર્થ અને બુદ્ધિ આવે છે; તો બીજી રીતના ઉપાયમાં શ્રદ્ધા, સમર્પણ અને શરણાગતિ આવે છે. ઉપલક દૃષ્ટિએ જોતાં બંને રીત ભિન્ન લાગે છે પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરતાં સમજાય છે કે શ્રદ્ધા-સમપર્ણ-શરણાગતિને સ્વીકારી-અપનાવી લેવાનું પણ ઓછી બુદ્ધિથી અશક્ય છે. સમર્પણ માટે પણ અહમ્‌ના સંપૂર્ણ ત્યાગની જરૂરત પડે છે; અને અહમ્‌ના સંપૂર્ણ ત્યાગ માટે અતિ સૂક્ષ્મ-શુદ્ધ બુદ્ધિની જરૂરત પડે છે.

અહમ્‌ના વિસર્જન સિવાય સમર્પણ, શ્રદ્ધા વગેરે આવી શકતાં નથી; અને અહમ્‌નું વિસર્જન ઘણાં વર્ષો અને જન્મોના સાધના-અભ્યાસનો પરિપાક છે. અહમ્‌નું વિસર્જન એ પણ એક મોટી સાધના, એક મોટી પ્રાપ્તિ છે. અહમ્‌ના વિસર્જનથી શરણાગતિ સ્વીકારી શકાય છે, અને શરણાગતિ સ્વીકારવાથી રહ્યો-સહ્યો અહમ્ પણ વિલય પામી જાય છે.

''આપણું કલ્યાણ કઈ રીતે થશે તે માટે જો આપણી બુદ્ધિ ન ચાલતી હોય તો યોગ્ય વ્યક્તિ આપણને આપણા કલ્યાણ માટે જે કાંઈ કરવાનું કહે તે પ્રમાણે આચરણ કરવામાં શ્રદ્ધા રાખવી જોઈએ.'' આ વાક્યમાં એક અટપટું રહસ્ય ઊપસી આવે છે કે ''હું બુદ્ધિ વિનાનો છું'' એટલું જાણવું એ તો ઘણી બધી બુદ્ધિ હોવાનું સાબિત કરે છે! અને શરણાગતિ સ્વીકારવામાં તો બુદ્ધિને પૂર્ણપણે બાદ કરી નાખવી પડે છે અને બુદ્ધિને બાદ કરવામાં પણ બુદ્ધિનો જ ઉપયોગ થતો હોય છે! વળી શરણાગતિનો નિર્ણય પણ મંદબુદ્ધિની વ્યક્તિ નથી લઈ શકતી.

ઉપરોક્ત તાત્ત્વિક વિચારણાથી એ જણાયું કે ઉપાય પ્રત્યય અને ઈશ્વરપ્રણિધાન બંને રીતો ઊંડાણમાં જતાં એક છે. ચાહે શ્રદ્ધા દ્વારા બુદ્ધિ તોડો અથવા બુદ્ધિ દ્વારા શ્રદ્ધા જોડો; કે અભ્યાસ દ્વારા અહમ્‌ને હટાઓ અથવા સમર્પણ દ્વારા અભ્યાસને બઢાઓ.

આ સૂચનાના છેડે ''વા'' શબ્દ છે. વાનો અર્થ છે અથવા એટલે કે આ (ઉપાય પ્રત્યય) અથવા આ (પ્રણિધાન); ગમે તે એકથી અસંપ્રજ્ઞાત યોગનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે.

ઈશ્વરનું શરણું એટલે શું? કોઈ આપણને કહે કે ભાઈ તમે ગુરુદેવના શરણે જાવ. તો તમે તમારા ગુરુદેવના શરણે જઈ શકો, કારણ કે ગુરુદેવ તો દેહધારી છે, તેમના ચરણમાં બેસીને કહી શકીએ કે હું આપના શરણે આવ્યો છું, મારો ઉદ્ધાર કરો. જે પ્રમાણે તેઓ આપણને કહે તે પ્રમાણે આચરણ કરીએ, તેમની આજ્ઞાનું પાલન કરીએ, તેમનામય થઈ જઈએ. તન-મન-ધન, વિચાર-વાણી-વર્તન સઘળું ગુરુદેવના ચરણોમાં ધરી દઈએ, તેમના ઉદ્દેશ્ય કરતાં આપણો ઉદ્દેશ્ય જુદો ના રહે, તેમના જીવનનું લોક-કલ્યાણનું જે

ધ્યેય તે આપણું પણ જીવનધ્યેય બની જાય. આમ, અનંત રીતે તેમનામય થઈ જઈએ તે કહેવાય ગુરુશરણ - ગુરુદેવની શરણાગતિ.

ઈશ્વરને શરણે જવાથી અસંપ્રજ્ઞાત યોગની પ્રાપ્તિ થાય છે. જો કે આર્યસંસ્કૃતિમાં ગુરુને ઈશ્વરસમાન ગણ્યા છે, ઈશ્વરથી પણ વિશેષ ગણ્યા છે. જેમ કે –

ગુરુ ગોવિંદ દોઉ ખડે, કિસકો લાગૂં પાય?
બલિહારી ગુરુદેવકી, ગોવિંદ દિયો, બતાય!

ગુરુ અને ગોવિંદ બંને સામા આવીને ઊભા રહે તો પ્રથમ પ્રણામ કોને કરવા? પ્રથમ પ્રણામ તો ગુરુદેવને જ કરવા જોઈએ. શા માટે? એટલા માટે કે તેમના દ્વારા તો ગોવિંદ મળ્યા. ગુરુની આટલી બધી મહત્તા છે. તો, જો આપણે ગુરુના શરણે જઈએ તો તે પણ ઈશ્વરનું શરણું જ ગણાય, તે ઈશ્વરપ્રણિધાન જ થયું કહેવાય. ચાહે તેને ઈશ્વરપ્રણિધાન કહીએ કે ગુરુપ્રણિધાન કહીએ – ''ઈશ્વરપ્રણિધાનાદ્વા'' કહીએ કે ''ગુરુપ્રણિધાનાદ્વા'' કહીએ. આમ, આ ત્રીજો ઉપાય બતાવ્યો:

જેના શરણે જવું હોય તેનું કાંઈક નામ તો હોવું જોઈએ, તેનો કાંઈક પરિચય તો હોવો જોઈએ. તમને કોઈ કહે કે તમે અમુક રાજાના કે અમુક શેઠના શરણે જાવ તો તમારું કાર્ય થઈ જશે. તમારી ઇચ્છા તેમના શરણે જવાના હોય તો તમને થોડી વધુ માહિતી આપવી પડે: નહીં તો તમે કેવી રીતે શરણે જઈ શકો? જેના શરણે જવું છે તે ક્યાં રહે છે? તે જાડા છે કે પાતળા છે? તેમનો સ્વભાવ કેવો છે? વગેરે કાંઈક પરિચય તો આપવો જોઈએ ને! પરિચય વિના ફક્ત એમ કહી દઈએ કે તમે અમુકના શરણે જાવ અને તમે ચાલવા માંડો તો તમને તેઓ મળે જ ક્યાંથી? અને મળે તો ઓળખાય જ ક્યાંથી? તમારે તો ઘણું શરણે જવું છે પણ કેવી રીતે શરણે જાવ? જેના શરણે જવું છે તેના વિષે કાંઈ માહિતી નથી, કાંઈ ઓળખ નથી તો કઈ રીતે શરણે જવું? તેથી શરણે જતાં પહેલાં ઓળખ પ્રાપ્ત કરવી જોઈએ. અહીં ઈશ્વરના શરણે જવાની વાત આવી એટલે આગલા સૂત્રમાં ઈશ્વર વિષેની ઓળખ અપાશે.

ઈશ્વર કોને કહેવાય? પહેલાં આપણે એક નાની પુસ્તિકા છપાવી હતી. તેનું નામ હતું ''પ્રણવબોધષટ્સૂત્રી'' અથવા ''ઈશ્વર કિસે કહતે હૈં?'' (આ પુસ્તિકા ''ઈશ્વરની ઓળખ'' નામની પુસ્તિકામાં સમાવી દીધી છે.) આ પુસ્તિકાનું નામ જ સાર્થક છે. કારણ કે ઈશ્વરને શરણે જવું હોય તો ઈશ્વરની ઓળખ પ્રાપ્ત કરી લેવી જોઈએ, તે સિવાય કોને શરણે જઈએ?

ઈશ્વરના શરણે જવાથી પણ અસંપ્રજ્ઞાત યોગની પ્રાપ્તિ થાય છે. તેથી ઈશ્વરની તાત્ત્વિક ઓળખ આપતું સૂત્ર આવે છે.

ક્લેશકર્મવિપાકાશયૈરપરામૃષ્ટઃ
પુરુષવિશેષ ઈશ્વરઃ ॥૨૪॥

ભાવાર્થ : ક્લેશ, કર્મ, કર્મફળ અને વાસના જેમાં નથી તે ચેતન ઈશ્વર છે. જેઓ આ ચારેયથી નિત્યમુક્ત છે તેઓ ઈશ્વર છે.

વિસ્તાર : ઈશ્વર કેવા છે? ક્લેશ, કર્મ, કર્મફળ અને વાસનાથી ઈશ્વર અપરામૃષ્ટઃ અર્થાત્ અસંબદ્ધ-અસંગ-નિત્યમુક્ત છે. ક્લેશ વગેરે તેમનામાં ના હોવા તે તેમની વિશેષતા છે.

આવી બધી જેમનામાં વિશેષતાઓ છે તે પુરુષવિશેષ ઈશ્વર કહેવાય છે. સૂત્રમાં આપેલા ચાર ખુલાસાઓને - વિશેષતાઓને જો ધ્યાનમાં ના લઈએ અને કેવળ ''પુરુષવિશેષ ઈશ્વરઃ'' એટલું જ જો ધ્યાનમાં લઈએ તો કોઈપણ પ્રકારની વિશેષતાવાળા પુરુષને ઈશ્વર કહેવો પડે, વિશેષ પ્રકારના કોઈપણ પુરુષને ઈશ્વર માની લેવો પડે; તો સામાન્ય નરનારીઓ કરતાં, સર્વસાધારણ સ્ત્રી-પુરુષો કરતાં જે થોડા જુદા દેખાય તે ઈશ્વર ઠરી જાય, કેમ કે તેઓમાં અમુક પ્રકારની વિશેષતા છે. પણ આવી વિશેષતા તો ઘણા બધામાં હોઈ શકે. કોઈ આપણને એમ કહે કે '' આ સૂત્ર કહે છે કે 'પુરુષવિશેષ ઈશ્વરઃ' – તો હું બાલદાઢી રાખું છું, તેથી મારામાં તે વિશેષતા છે. તેથી મને ઈશ્વર માનો, મને પૂજો.'' તો આપણે વિચાર કરીએ કે હા, સૂત્રમાં તો કહ્યું છે અને આ ભાઈમાં બાલદાઢીની વિશેષતા પણ છે, તો તેમને ઈશ્વર માનવા જોઈએ.

પણ જરા વધુ વિચાર કરતાં આ કથન ખોટું સાબિત થાય. કેમ કે મારા ગામના મંદિરના પૂજારી પણ બાલદાઢી રાખે છે, બીજા પણ અનેક સાધુ-બાવાઓને બાલ-દાઢી હોય છે. તો તો તે બધા જ ઈશ્વર ગણાય. પણ ઈશ્વર તો એક છે. જો અનેક ઈશ્વર હોય તો જગતમાં અવ્યવસ્થા થઈ જાય. એક ઈશ્વર સૂર્યનારાયણને કહેશે કે સવારે સાત વાગ્યે ઊગવાનું છે, તો બીજા કહેશે કે આઠ વાગ્યે; ત્રીજા કહેશે કે અમુક વાગ્યે અસ્ત, તો ચોથા કહેશે કે અમુક વાગ્યે અસ્ત; તો પાંચમા કહેશે કે તેમાં ઉષ્ણતા ના હોવી જોઈએ; તો છઠ્ઠા કહેશે કે ઉષ્ણતા અને ઠંડક બંન્ને હોવાં જોઈએ. તો જગતમાં, અનેક ઈશ્વરના જગતમાં કેટલી બધી અવ્યવસ્થા થઈ જાય? જગતમાં આવી અવ્યવસ્થા કોઈ જગ્યાએ પણ દેખાય છે?

જગત કેટલું સુવ્યવસ્થિત! કેટલું સુંદર! પશુ-પક્ષી-મનુષ્ય, ઝાડ-પાન, પથ્થર-પહાડ, નદી-નાળાં, સૂર્ય-ચંદ્ર,-તારા-આકાશ; જ્યાં જુઓ ત્યાં ક્રમબદ્ધતા, નિયમબદ્ધતા. ઉનાળામાં ગરમી, શિયાળામાં ઠંડી, ચોમાસામાં વરસાદ. ઋતુઓ પ્રમાણે ઋતુઓ વર્તે, દરેક પદાર્થ સુવ્યવસ્થિત અને સુંદર. બધું જ સત્યમ્ શિવમ્ સુંદરમ્. એક પરિવારમાં પણ જો બે-ત્રણ સંચાલકો હોય તો તેમાં વ્યવસ્થા રહી ના શકે. જેમાં એક હોય તે પરિવાર સુચારુરૂપથી ચાલે, જો એક જે પ્રમાણે કહે તે પ્રમાણે સૌ વર્તે તો. આ તો માત્ર એક પરિવારની જ વાત થઈ પણ આવું મોટું વિશાળ-વિરાટ જગત, તોય તે કેવું સુવ્યવસ્થિત ચાલી રહ્યું છે! તો તે વ્યવસ્થા કઈ રીતે હોઈ શકે તેની જો આપણે શોધ કરીએ તો તરત જ ઈશ્વર સાબિત થઈ જાય. ભલે આપણે તેને જોઈ નથી શકતા પરંતુ આ રીતે તેને અનુભવી તો જરૂર શકીએ છીએ. કઈ રીતે? કે જો જગતમાં આવી સુંદર વ્યવસ્થા છે તો વ્યવસ્થાનો કોઈ વ્યવસ્થાપક જરૂર છે. જો કાર્ય છે તો તેનું કોઈ કારણ જરૂર છે. સ્ત્રીઓ એટલે આવી જ, પુરુષો એટલે આવા જ; ચકલી આવી જ હોય, ચકલો આવો જ હોય; ભેંસ આવી જ હોય, પાડો આવો જ હોય; એવા પ્રકારની બધી જે વ્યવસ્થા, તેનો કરનાર કોણ? જો વ્યવસ્થા છે તો વ્યવસ્થાપક અવશ્ય છે એ નિયમના આધારે ઈશ્વરને સાબિત કરી શકાય.

લીમડો વાવીએ તો લીમડો જ, થોરિયો વાવીએ તો થોરિયો જ અને ગોટલી વાવીએ તો આંબો જ થાય, ગોટલીમાંથી બાવળિયો કે થોરિયો કેમ ના થયો? જેનું બી હતું તેમાંથી તેનું જ ઝાડ થયું. સત્કર્મ કરીએ તો સુખ અને અસત્કર્મ કરીએ તો દુઃખ મળે. આ બધું કરનાર કોણ? આ બધું કરનાર કોઈક જરૂર છે, તેનું નામ ઠીક પડે તે આપીએ. તેને ઈશ્વર કે પરમાત્મા કે પરમસત્તા, કે ચૈતન્ય, કે કુદરત-નિસર્ગ જે યોગ્ય લાગે તે કહીએ પરંતુ તેનો સ્વીકાર જરૂર કરવો જ પડશે, જેના દ્વારા વ્યવસ્થા ચાલી રહી છે એવા એક તત્ત્વને માન્ય રાખવું જ પડશે. તેને માન્ય નહીં રાખીએ તો તેનું કશું બગડી જવાનું નથી. જો માનીશું તો આપણા મનનું સમાધાન થશે, સમાધાનથી સુખ અને શાંતિ મળશે, ઘણા બધા પ્રશ્નો અને ઘણી બધી શંકાઓનું નિરાકરણ થઈ જશે?

તે તત્ત્વની સિદ્ધિ કઈ રીતે થશે? આ રીતે, કે જગતમાં જે કાંઈ વ્યવસ્થા પ્રવર્તે છે તે વ્યવસ્થાપક વિના ના હોઈ શકે. નહીં તો કોઈએ આંબો વાવ્યો હોય તેમાંથી બાવળિયો થઈ જાય. તો શા માટે કોઈ આંબો વાવે? પુણ્યકર્મના ફળરૂપે જો દુઃખ મળે તો શા માટે કોઈ પુણ્યકર્મ કરે? તો કર્મના સિદ્ધાંતની શાસ્ત્રમાં આવતી વાત કે ''જેવું કાર્ય કરે તેવું ફળ મળે'' તે ફોક થઈ જાય. શાસ્ત્રોમાં મોટા ભાગે વિધિ અને નિષેધનું વર્ણન છે. કયાં કર્મો કરવાથી સુખ મળે તેની માહિતી એટલે વિધિ અને કયાં કર્મો કરવાથી દુઃખ મળે તેની માહિતી એટલે નિષેધ. જે કર્મો કરવાની શાસ્ત્રોએ છૂટ આપી હોય તે ''વિધિ'' કહેવાય અને જેની મનાઈ ફરમાવી હોય તે ''નિષેધ'' કહેવાય.

જો જગતમાં આવી અવ્યવસ્થા થઈ જાય કે આંબો વાવે અને બાવળિયો ઊગે, તો પછી કર્મનો સિદ્ધાંત ક્યાં રહ્યો? પછી વિધિનું પાલન અને નિષેધનો નિષેધ કોઈ શા માટે કરે? તો જે નિષિદ્ધ ગણવામાં આવ્યાં છે તે કર્મોને શા માટે છોડે? તે પણ કરે. વિધિનું પાલન

શા માટે કરે? મન ફાવે તે પ્રમાણે વર્તે તોય જો સુખ મળે, ખોટાં કર્મો કરે તોય જો શાંતિ મળે તો પછી સારાં કર્મો કરે જ શા માટે? આ રીતે તો વિધિ અને નિષેધનું ખંડન થઈ જાય અને તો સર્વ શાસ્ત્રોનું પણ ખંડન થઈ જાય, કેમકે બધાં શાસ્ત્રોમાં મુખ્યપણે વિધિ અને નિષેધનું વર્ણન છે, બધાં જ શાસ્ત્રો વિધિ-નિષેધ-પ્રતિપાદક અને પ્રતિપોષક છે.

તો, વાત ચાલતી હતી કર્મનાં ફળોની; જે જેવું કર્મ કરે તેને તેવું ફળ મળે. કોના દ્વારા મળે? એક ઈશ્વર – એક તત્ત્વ કે જે બધી વ્યવસ્થા સંભાળી રહ્યું છે તેના દ્વારા. એ તત્ત્વ, એ ઈશ્વર એક છે, અનેક નથી તે વાતની સિદ્ધિ કરવા માટે વાતનો આટલો વિસ્તાર કર્યો. શાસ્ત્રોને, વિધિ-નિષેધને, કર્મોને, તેના સિદ્ધાંતને તથા વ્યવસ્થા ઇત્યાદિની વાતોને ખૂબ ખૂબ લંબાવી શા માટે? તે બતાવવા કે ઈશ્વર એક છે. પણ કોઈ એવી વ્યક્તિ પણ હોય જેને પાંચને બદલે છ આંગળીઓ હોય. તે, તે વિશેષતા બતાવીને પોતાને ઈશ્વર સિદ્ધ કરે તો? તો છ આંગળીવાળા તો બીજા પણ નીકળી આવે. તેઓ પણ કહેશે કે અમે પણ ઈશ્વર. તો તો અનેક ઈશ્વર થયા. અનેક ઈશ્વર હોય નહીં તે આપણે વ્યવસ્થાના સિદ્ધાંતથી નક્કી કર્યું. બધે જ એક પ્રકારની જ વ્યવસ્થા પ્રવર્તે છે. સર્વે મનુષ્યોનું લોહી લાલ જ છે. કોઈ મનુષ્ય કે પશુ-પક્ષીનું લોહી લીલું-પીળું નથી. આમ, એક જ વ્યવસ્થાના આધારે નક્કી થાય છે કે વ્યવસ્થાપક એક છે. ભારતમાં કે ભારતની બહાર, ઘરમાં કે ઘરની બહાર, મંદિરમાં કે મંદિરની બહાર; બધી જ જગ્યાએ તે-તત્ત્વનું (તે વ્યવસ્થાપકનું) રાજ્ય-સામ્રાજ્ય પ્રવર્તે છે.

આમ, ઉપરોક્ત સ્થૂળ રીતે કોઈ પોતાને ઈશ્વર સિદ્ધ કરે તો પણ તે ઈશ્વર સિદ્ધ થતો નથી. પણ અહીં તો યોગનાં સૂત્રો દ્વારા ચકાસણી કરવાની છે. યોગસૂત્ર શું કહે છે? ખરેખર શું હોવું જોઈએ ઈશ્વરમાં? ક્લેશ ન હોવો જોઈએ. જે કોઈ ઈશ્વર થઈ બેઠેલા છે – પોતાને ઈશ્વર ગણાવે છે તેમનામાં ક્લેશો છે? જો હા, તો આ સૂત્રની કસોટીએ તે ઈશ્વર નથી. આ સૂત્ર પ્રમાણે તો ઈશ્વરમાં ક્લેશ નથી. કદાચ કોઈ એવા પણ જોવામાં આવે કે તેમનામાં ક્લેશ ન હોય. તે કહેશે કે અમારામાં ક્લેશ નથી તો અમે ઈશ્વર ખરા કે નહીં? તો, આ સૂત્રને ફરી તપાસીએ. સૂત્ર કહે છે કે ઈશ્વરમાં ક્લેશેય નથી, કર્મેય નથી. કહેવાતા ઈશ્વરને તો સવારથી સાંજ સુધી કર્મ કરવાં પડે છે. જો તે કર્મ ના કરે તો જીવી જ ના શકે માટે તેઓ ઈશ્વર નથી. પણ કદાચ કોઈ એવો મળી આવે કે જેમાં ક્લેશ કે કર્મ એકેય ના હોય તો પછી કર્મોનાં ફળો તો ના જ હોય ને. પછી રહી વાસનાની વાત. ઈશ્વરમાં વાસના પણ નથી. આ ચારેય રીતે ઈશ્વરની ચકાસણી કરાય છે.

અગત્યની નોંધ

ક્લેશઃ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ; એ પાંચ ક્લેશ છે, જેનું વિસ્તૃત વર્ણન બીજા (સાધન)પાદના ત્રીજાથી નવમા સૂત્રમાં આવે છે. (જુઓ સાધનપાદ વિષેની ''શાંતા'' નામની ટીકામાં.)

કર્મઃ કર્મ ચાર પ્રકારનાં છે. પુણ્યવાળાં, પાપવાળાં, પુણ્યપાપથી મિશ્રિત અને પુણ્ય-પાપથી રહિત. (જુઓ યોગદર્શન ૪/૭.)

વિપાક : કર્મનાં ફળોનું નામ વિપાક છે. (જુઓ યોગદર્શન ૨/૧૩.)

આશય : કર્મસંસ્કારોના સંચયનું-સમુદાયનું નામ આશય છે. (જુઓ યોગદર્શન ૨/૧૨.)

ઈશ્વરનો ઉપરોક્ત ચારેથી ન સંબંધ હતો, કે ન સંબંધ છે, કે નથી સંબંધ હોવાનો. તેથી ઈશ્વર પુરુષવિશેષ છે. મુક્ત પુરુષો તો પહેલાં આ ચારેના બંધનમાં હતા અને પછી મુક્ત થયા તેથી તેઓ પુરુષવિશેષ નહીં. ઈશ્વર તો નિત્યમુક્ત તેથી તે પુરુષવિશેષ. (અગત્યની નોંધ પૂરી.)

કદાચ કોઈ કહે કે ક્લેશ આદિમાંથી એક પણ મારામાં નથી તો હું ઈશ્વર ખરો કે નહીં? ના, તોપણ નહીં. આગળનું સૂત્ર વધુ સ્પષ્ટતા કરી રહ્યું છે, જે આવતા અંકે સમજીશું. અસ્તુ.

(ક્રમશઃ)

(''મુક્તા'' પુસ્તકમાંથી સાભાર)

ગુરુપૂર્ણિમા મહોત્સવ

(સંક્ષિપ્ત અહેવાલ) — આલેખક : પ્રવીણભાઈ શાહ

અષાઢ સુદ પૂનમ એટલે ગુરુપૂનમ. ગુરુ પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો રૂડો દિવસ. ઊંચું ધ્યેય પ્રાપ્ત કરવામાં મંદગતિ આવે નહીં તેની સતત યાદ અપાવતો દિવસ. આધ્યાત્મિક સમૂહમેળાપ અને આનંદ-ઉત્સવ એટલે ગુરુપૂર્ણિમા. આખા વર્ષ દરમ્યાન સાધક-મુમુક્ષુજન - કલ્યાણમાર્ગમાં ચાલનાર દરેક વ્યક્તિ પોતાના સદ્‌ગુરુના માર્ગદર્શન હેઠળ કેવો વિકાસ કર્યો અને હવે પછીનાં વર્ષોમાં પોતે શું કરવા વિચારે છે તેનું આત્મનિવેદન તેમની સમક્ષ કરવાનો દિવસ.

દર વર્ષે ઓમ્ પરિવાર ગુરુપૂર્ણિમાનો ઉત્સવ મોટાભાગે મણીનગરમાં કાંકરીયા પુષ્પકુંજ પાસે આવેલ ઇચ્છાબેનની વાડીમાં ઊજવે છે. ઓમ્ ગુરુ ઓમ્‌ની ધજાઓ અને બેનરોથી હૉલને સુશોભિત કરવામાં આવે છે. પૂ.શ્રી ગુરુદેવને બેસવાનો મંચ હોય છે. મંચની એક બાજુ ઓમ્ પરમાત્મા, હનુમાનજી અને ગાયત્રીના ફોટા હોય છે; દીવો-આરતીની વ્યવસ્થા હોય છે. મંચની બાંજી બાજુ સ્વાધ્યાય કરાવનાર ભાઈઓ માટે માઇક-ઢોલક-મંજીરા વગેરેની વ્યવસ્થા હોય છે. મંચની પાછળની બાજુએ* દીવાલ ઉપર પૂ.શ્રીના ચિત્રવાળો સુંદર પડદો હોય છે. હૉલની એક બાજુની વિંગમાં ભાઈઓને બેસવાની વ્યવસ્થા હોય છે. બીજી બાજુની વિંગમાં બહેનો અને બાળકોને બેસવાની જગ્યા હોય છે. મુખ્ય બારણા પાસે ઓમ્ પરિવારનો બુક-સ્ટોલ હોય છે. નક્કી કરેલાં સ્વયંસેવક ભાઈ-બહેનો સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બધી વ્યવસ્થા સંભાળે છે. હજાર-બારસો ગુરુપ્રેમીઓ ભેગાં થાય છે, પણ બધાં સ્વયંશિસ્તમાં રહે એવી પરિપાટી. એટલે કાર્યક્રમ સુચારુ રીતે ચાલે.

સવારે બરાબર આઠ વાગે કાર્યક્રમની શરૂઆત સ્વાધ્યાયથી થઈ. શાંતિપાઠ, પ્રણવ અષ્ટક, ગુરુ અષ્ટક અને ગુરુમહિમાનું ગાન લયબદ્ધ રીતે થયું. ઓમ્ ગુરુ ઓમ્‌ની ધૂન, ગાયત્રીમંત્રની ધૂન અને આદ્યગુરુ અભિષેક મંત્રનું ગાન કરવામાં આવ્યું. ''જે જે સાચી સમજ પમાય તે તે ગુરુપૂજન ગણાય'' એ ભજન સંગીતમય સૂરમાં ગવાયું. સવારના શાંત અને રમણીય વાતાવરણમાં લગભગ સવા કલાકના સ્વાધ્યાય પછી ૯:૧૫ વાગે પોણા કલાકનો વિરામ આપવામાં આવ્યો. સૌએ હળવો નાસ્તો અને દૂધનો પ્રસાદ લીધો. ગૌરીવ્રત અને પૂનમનું વ્રત કરનારાં માટે ફળાહારી નાસ્તાની સગવડ હતી.

બરાબર ૧૦:૦૦ વાગે કાર્યક્રમની પુનઃ શરૂઆત થઈ. બધાંએ ભેગાં મળીને એક-બે ભજન ગાયાં. દરમ્યાન જેની બધાં આતુરતાથી રાહ જોતાં હતાં તે પૂ.શ્રી ગુરુદેવનું આગમન થયું. સૌએ મોટા અવાજે 'સત્ય ધર્મ ગુરુદેવ કી જય' બોલાવીને ઉમળકાભેર શ્રી ગુરુદેવના આગમનને વધાવી લીધું. પૂ.શ્રી ગુરુદેવે મંચ ઉપર આવીને બે હાથ ઊંચા કરીને - બે હાથ જોડીને સૌ ગુરુપ્રેમીઓનું અભિવાદન કર્યું, નમસ્કાર કર્યા - આશીર્વાદ આપ્યા. ભાઈઓ, બહેનો, બાળકોએ પણ હાથ જોડીને શ્રી ગુરુદેવને નમસ્કાર કર્યા. ડૉક્ટર સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીએ (ડૉ. સોમાભાઈ પટેલે) પૂ.શ્રીનું સ્વાગત કરવા માટે તથા આરતી કરવા માટે શ્રી દેવુભાઈ, હંસાબેન, નૈષધભાઈ, શશીકાન્તભાઈ, ઉષાબહેન, બચીબહેનને મંચ પાસે બોલાવ્યાં. સૌએ મંચ પર જઈને પૂ.શ્રી ગુરુદેવનું કંકુ, ચોખા, ગુલાબનાં ફૂલના હારથી સ્વાગત કર્યું. પગે લાગ્યાં. વલસાડ ઓમ્ પરિવારના શ્રી કિરણભાઈએ તુલસીનાં પાનનો પૂરા કદનો હાર પહેરાવીને પૂ.શ્રી ગુરુદેવનું સ્વાગત કર્યું. હળવદના શ્રી ભાનુભાઈ ઠાકરે મંચ ઉપર આવીને શ્રી ગુરુદેવને પગે લાગીને શ્રી ગુરુદેવના માથે સફેદ વસ્ત્રની પાઘડી બાંધી. બધાંએ તાળીઓના ગડગડાટથી પૂ.શ્રીને વધાવી લીધા.

શ્રી દેવચંદભાઈ, શ્રી નૈષધભાઈ અને શ્રી શશીકાન્તભાઈનાં પરિવારજનોએ પૂ.શ્રીની - ઓમ્ પરમાત્માની આરતી ઉતારી.

સ્વાગત-આરતીનો કાર્યક્રમ અહીં પૂરો થયો. હૉલમાં ઓમ્ પરિવારનાં ગુરુપ્રેમીઓની ભરચક હાજરી હતી. હળવદ ઓમ્ પરિવાર તથા મુંબઈ ઓમ્ પરિવારનાં માણસો જે આવનાર હતાં તેઓ આવી ગયાં કે નહીં તેની પૂ. શ્રીએ પૂછપરછ કરી. કાર્યક્રમની રૂપરેખા શ્રી ગુરુદેવે ડૉક્ટર સાહેબ પાસે માગી. દર વખતે તો સ્વ. શ્રી પંકજભાઈની હાજરી હોય એટલે આવી બધી બાબતોનો તેઓ ખ્યાલ રાખતા. આજે શ્રી પંકજભાઈની ગેરહાજરીનો અહેસાસ થયો. ડૉક્ટર ભિક્ષુજીએ કાર્યક્રમનું લિસ્ટ શ્રી ગુરુદેવને આપ્યું. ગુરુપૂર્ણિમાનો દિવસ એટલે પૂ.શ્રી ગુરુદેવનાં આશીર્વચન સાંભળવા જ સૌ ઉત્સુક હોય. પૂ.શ્રી એ સૌને વંદન-અભિનંદન-આશિષ આપ્યાં. શ્રી ગુરુદેવે કહ્યું કે – ''માણસ પોતાના કાર્યક્ષેત્રમાં જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ તેની ખ્યાતિ દેશ-વિદેશમાં ફેલાતી જાય, તેનાં જાહેર સન્માનો થાય. સારી વાત કહેવાય. પરંતુ જો તેના ગામનાં જ માણસો કે તેના કુટુંબનાં માણસો પણ તેનું આવું સન્માન કરે, ગામનાં માણસો અને કુટુંબનાં માણસોને પણ તેના કાર્યોની મહત્તા સમજાય, એના માટે ગૌરવ લેવા ઉત્સુક થાય - તત્પર થાય ત્યારે એ સન્માન સાર્થક થયું કહેવાય. હળવદના શ્રી ભાનુભાઈએ અમને કહ્યું કે બાપુ! આપ રજા આપો તો અમે ગુરુપૂર્ણિમાના દિવસે આપને પાઘડી પહેરાવીને આપનું સન્માન કરીએ. અમે મંજૂરી આપી અને આજે કાર્યક્રમની શરૂઆતમાં તેમણે મંચ ઉપર આવીને અમને પાઘડી પહેરાવી. સત્ય ધર્મ ગુરુ દેવ કી જય. હવે એ ભાનુભાઈ - જેઓ હળવદમાં સદાવ્રત પણ ચલાવે છે - તેઓ મંચ ઉપર આવે.'' પૂ.શ્રીએ તેમને પોતે પહેરે છે તેવો ઝબ્બો પહેરાવ્યો. ઉમરેઠ ઓમ્ પરિવારના ભાઈઓને સ્ટેજ પાસે બોલાવીને ઓમ્ ગુરુ ઓમ્ના કેસરી ખેસ તથા ધોતીની વસ્ત્ર-પ્રસાદી આપી. વલસાડ ઓમ્ પરિવારના શ્રી કિરણભાઈને પણ તેવો જ ઝબ્બો પહેરાવીને આશીર્વાદ આપ્યા. હળવદ, મુંબઈ, ખંડેરાવપુરા, જેસંગપુરાના ઓમ્ પરિવારના ભાઈઓને કેસરી ખેસ અને ધોતી-શાલ વગેરેની વસ્ત્ર-પ્રસાદી આપી. શ્રી મનુભાઈ પંડિત - શ્રી જયાનંદભાઈને શાલ ઓઢાડી સન્માન કર્યું.

ગુરુપૂર્ણિમાની આરતી ઉતારવાનો અને મહાપ્રસાદનો લાભ દર વર્ષે શ્રી દેવચંદભાઈ અને હંસાબેન પટેલનો પરિવાર લે છે. બીજા કોઈએ લાભ લેવો હોય તો તેમની તથા પૂ. ગુરુદેવની સંમતિ મેળવવી જોઈએ. આ વર્ષે શ્રી નૈષધભાઈના પરિવારે તે લાભ લીધો અને આવતા વર્ષે શ્રી શશીકાન્તભાઈનો પરિવાર તે લાભ લેવાનો છે તેથી દેવુભાઈ, નૈષધભાઈ અને શશીકાંતભાઈ અને તેમના પરિવારોએ સૌએ સાથે આરતી ઉતારી. પૂ. ગુરુજી કહે કે ''આવતા વર્ષની આરતી આ વર્ષે શશીકાન્તભાઈ પાસે એટલે ઉતરાવી કે આવતા વર્ષે હું ઉત્સવમાં હાજર ન રહી શકું તેવી મારી શરીરની સ્થિતિ હોય તો શશીકાંતને ગુરુઆરતીનો લાભ ન મળે. અને તેથી તેમને બહુ દુઃખ થાય. માટે આ વર્ષે તેઓ આવતા વર્ષની આરતી ઉતારી લીધી અને આવતા વર્ષે પણ પુનઃ આરતી ઉતારશે. કર્તા-હર્તા નારાયણ છે તે સૌની ભાવના પોષે છે.''

''કોઈનો ભાર ન રાખે મોરારિ,
આપે વ્યાજ સહિત ગિરિધારી''

આ પછી શ્રી ગુરુદેવે તુષારભાઈને અને કિરણભાઈને એક બે ભજન ગવડાવવાનું કહ્યું. ભજનનો કાર્યક્રમ ચાલુ થયો. પૂ.શ્રી મંચ પરથી નીચે પધાર્યા. હૉલમાં બેઠેલાં ગુરુપ્રેમી ભાઈ-બહેનોને વ્યક્તિગત રીતે નજીકથી જોઈ શકાય, મળી શકાય એ રીતે આખા હૉલમાં એક આંટો ફર્યા. સૌને વંદન-નમસ્કાર કર્યા. ઉંમરલાયક વડીલો જ્યાં ખુરશીઓ પર બેઠા હતા ત્યાં એક ખાલી ખુરશી ઉપર બધાની વચમાં બેઠા. પંદરવીસ મિનિટના વિરામ બાદ પાછા ગુરુદેવ મંચ પર પધાર્યા.

ગુરુસંતો પાસે આપણે વર્ષોનાં વર્ષો સુધી બેસીએ, તેમની સેવા-સુશ્રુષા કરીએ પણ આપણી અંદરનો 'હું' જ્યાં સુધી નીકળ્યો ના હોય ત્યાં સુધી આધ્યાત્મિક પ્રગતિ ઓછી થાય, લક્ષ્ય સુધી પહોંચાય નહીં.

લગભગ બાર સવાબારનો સમય થયો હશે. પૂ.શ્રીની વાતો સાંભળીને સૌ આનંદમાં આવી ગયાં હતાં. બધાં ખુશમિજાજમાં હતાં. વાતમાં ને વાતમાં

ખડખડાટ હસવાની વાત નીકળી. શ્રી ગુરુદેવે કહ્યું કે ખડખડાટ હસવું એ પણ એક પ્રકારનો વ્યાયામ છે. માટે બધાં જોર-જોરથી હસવા લાગ્યાં. આ....હા હા હા! આ.....હાહાહા! આખો હોલ ખડખડાટ હસવાના અવાજથી ગુંજી ઊઠ્યો. સત્ય ધર્મગુરુદેવ કી જય. ઓમ્ નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર.

લગભગ ૧૨.૩૦ મિ. જેટલો સમય થઈ ગયો હતો. હવે પછી ગુરુપૂજનનો કાર્યક્રમ હતો. શ્રી ગુરુદેવે કહ્યું કે – ''દર વર્ષની જેમ આ વખતે પણ તમો સૌ ગુરુજીની પાદુકાનું પૂજન કરજો, અને મહાપ્રસાદ લેજો. ગુરુપૂજન કરવાનું ફરજિયાત નથી, પણ મહાપ્રસાદ તો સૌએ અવશ્ય લેવો જોઈએ એ તમો સૌ જાણો જ છો. સમય ઘણો થઈ ગયો છે એટલે અમે હવે રજા લઈશું.'' પૂ.શ્રીએ સૌને વંદન-નમસ્કાર કર્યા. ડૉક્ટર સ.સ. ભિક્ષુજીએ મોટેથી જય બોલાવી. સત્યધર્મ ગુરુદેવ કી જય. સૌ મોટેથી જય બોલ્યાં. પૂ.શ્રીએ પ્રસ્થાન કર્યું. સૌએ નમસ્કાર કર્યા.

સ્વયંસેવક ભાઈઓ-બહેનોએ ગુરુપૂજનની વ્યવસ્થા કરી. મંચ ઉપર બન્ને બાજુએ વિધિવત્ પાદુકાજીનું સ્થાપન કરવામાં આવ્યું. સૌ પ્રથમ શ્રી મુકેશભાઈ મહારાજે મંત્રોચ્ચાર કરીને પૂ.શ્રીની પાદુકાનું પૂજન કર્યું. તે પછી સ્વયંસેવક ભાઈઓ અને બહેનોએ અલગ અલગ લાઈનમાં આવીને પૂજન કર્યું. ત્યારબાદ સૌ ભાઈઓ-બહેનો અને બાળકો આવીને ગુરુપૂજન કરે એવી વ્યવસ્થા ગોઠવાઈ. પૂજન દરમ્યાન તુષારભાઈ અને જ્યોત્સનાબહેને એક પછી એક ભજનો ગાવાનું ચાલુ રાખ્યું.

ગુરુપૂજન અને મહાપ્રસાદનો કાર્યક્રમ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં સંપન્ન થયો.

ગુરુપૂર્ણિમા મહોત્સવ

(વિસ્તૃત અહેવાલ) — આલેખક : શશીકાન્ત પટેલ

સત્ય–ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય. આમ જય બોલાવીને પૂ.ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ પોતાનો વાણી-ગંગા-પ્રવાહ વહેતો મૂક્યો –

આજના ગુરુપૂર્ણિમા મહાપર્વની ઉજવણીના પ્રસંગમાં ઉપસ્થિત સર્વે ભક્તો, પ્રેમીજનોને વંદન અભિનંદન, આશિષ, સર્વેનું પ્રેમપૂર્વક સ્વાગત.

તમે સૌએ જોયું કે સ્વયંસેવક ભાઈઓ નીચેથી અમને ખુરશીમાં બેસાડી, ખુરશી ઊંચકી, દાદર-ચઢાવી હોલમાં છેક અંદર સુધી લઈ આવ્યા. નીચેથી ઉપર આવી ગયા પછી તો અમે ધીરે ધીરે ચાલતા ચાલતા છેક અમારી બેઠક સુધી આવી શકીયે તેમ હોવા છતાં પણ આમ આવ્યા તેનું કારણ એ કે અમારે તમને બતાવવું હતું કે હાલમાં અમારા શરીરની આવી સ્થિતિ છે. એક પગથિયું પણ ચઢી શકાતું નથી. ચાલીએ તોય ધીમે ધીમે સંભાળીને પગલાં ભરીએ છીએ. ગયા રવિવારે સ.સ.ભિક્ષુજી અને ઓમ્ પરિવારના કેટલાક સ્વયંસેવકો સાંજે 'ધર્મમેઘ'માં આવ્યા હતા. સ્વયંસેવકો એટલે વર્ષોથી જે ભક્તો ઓમ્ પરિવારનું લોક-કલ્યાણનું કાર્ય તન-મન-ધનથી રાત-દિવસ કરી રહ્યા છે. તેમનાં બાળકો હવે તો મોટાં થઈ ગયાં છે. નાનપણથી જ તેમની અંદર જે સંસ્કારનાં બીજ નંખાઈ રહ્યાં હતાં તે અંકુરિત થઈ વટવૃક્ષ થઈ રહ્યાં છે. હવે તેઓએ પણ ઓમ્ પરિવારનું કામ સંભાળવાની જવાબદારી ઉઠાવવા માંડી છે. દર ગુરુવારે અને રવિવારે સાંજે ભક્તો ''ધર્મમેઘ''માં આવતા હોય છે. સ્વાધ્યાય-સત્સંગ થતો હોય છે. તો એ રીતે રવિવારે અમે બેઠા હતા તે સમયે તેઓ આવ્યા. સાથે આ ખુરશી પણ લેતા આવેલા. પૂછ્યું તો કહે કે ગુરુદેવ ગુરુપૂર્ણિમાના દિવસે આપને આ ખુરશીમાં બેસાડી દાદર ચઢાવી હોલમાં લઈ જવા માટે લાવ્યા છીએ. અત્યારે અમે હોલ ઉપર જઈને જ આવ્યા. ત્યાં ડૉ. સ.સ.ભિક્ષુજીને ખુરશીમાં બેસાડી ચાર જણાએ ખુરશી ઊંચકીને દાદર ચઢાવી જોયું. તેથી ખબર પડે કે ગુરુદેવને આ રીતે અનુકૂળતા આવશે કે નહીં. કેવી ઊંચી ભાવના! એમનું સતત ધ્યાન-ચિંતન એક જ વાતનું કે શું કરીએ તો ગુરુદેવને વધુ અનુકૂળતા રહે,

તેમની વધુમાં વધુ સગવડ સચવાય, તેમને ઓછામાં ઓછી તકલીફ પડે. તો મુખ્ય વાત એ હતી કે અમારા શરીરની આવી સ્થિતિ છે. તકલીફોનો તો કોઈ પાર નથી. અમારી તકલીફોની થોડી-ઘણી ખબર ડૉ. ભિક્ષુને હોય. પરંતુ પૂરેપૂરી ખબર તો તેમને પણ ન હોય. એ તો ફક્ત અમે જ જાણીએ. આવી સ્થિતિ હોવા છતાં પણ તમારા બધાનો અમારા પ્રત્યેનો અનહદ પ્રેમભાવ અમને અહીં ખેંચી લાવ્યો. ખુરશીમાં બેસીને પણ આવ્યા. જો ન આવીએ તો તમને બધાને જીવન ઉપયોગી વાતો કરવાની, ઉપસ્થિત ભક્તોને આસુરી તત્ત્વોથી રક્ષવા માટે સૂક્ષ્મ કવચરૂપી ઓમ્ ભગવાનની પ્રસાદીનાં વસ્ત્ર ઓઢાડવાની ઇચ્છા મનની મનમાં રહી જાય. તો, તમારા બધાંનો અમારા તરફનો અતિપ્રેમ, તે પ્રેમના સૂક્ષ્મ તાંતણે ખેંચાઈને કરેડીયા કરીને અહીં ઉપસ્થિત થયા છીએ. અહીં કેટલું બેસીશું તે નક્કી નહીં. જ્યાં સુધી શરીર સાથ આપશે ત્યાં સુધી બેસીશું, આધ્યાત્મિક આનંદ કરીશું. ઘણા ભક્તો મહોત્સવમાં આધ્યાત્મિક આનંદ લેવા ક્યાં ક્યાંથી આવ્યા છે. ઉમરેઠ, મુંબઈ, હળવદ, ઠાસરા, ડાકોર, વલસાડ, અંકલેશ્વર, રાજકોટ - આમ દૂરથી આવ્યા છે. તેમાં વૃદ્ધો અને બાળકો પણ છે. અહીં આવતાં રસ્તામાં તકલીફ પણ પડી હશે તેમ છતાં પણ અહીં ઉત્સાહભેર ઉપસ્થિત થયાં છે. મહોત્સવના દરેક કાર્યક્રમમાં તન-મનથી બરાબર ઉપસ્થિત રહીને આનંદપૂર્વક ભાગ લેવો જોઈએ, તો અહીં આવ્યા તે સાર્થક થાય. આવા બધા કાર્યક્રમો શા માટે છે? જીવનની જંજાળમાંથી મુક્ત થવા માટે છે. આમ તો જંજાળ આપણને સતત વળગેલી જ છે. તેમાંથી છૂટી શકતાં નથી. પરંતુ અહીં હાજર છીએ ત્યાં સુધી તેમાંથી મુક્ત થઈને બધા જ કાર્યક્રમમાં બરાબર ભાગ લઈએ. તો તન-મનમાં ગજબની તાજગીનો અનુભવ થાય. તો, એ તાજગીનો પૂરેપૂરો લાભ લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. — અસ્તુ.

વિદેશમાં આપણું બહુમાન થાય, પ્રશંસા થાય તો તે સારી વાત છે. પણ જો સ્વદેશમાં બહુમાન, પ્રશંસા થાય તો તે ઉત્તમ વાત છે. તેમાં પણ વળી જો આપણા પોતાના ગામમાં જ બહુમાન, પ્રશંસા થાય તો તે અતિ મોટી વાત ગણાય અને બધાથી મોટી વાત આપણા પોતાના ઘરમાં, કુટુંબમાં, મિત્રમંડળમાં આપણું બહુમાન, પ્રશંસા થાય તે ગણાય. કોઈ પણ આપણું બહુમાન, પ્રશંસા ત્યારે જ કરે કે જ્યારે તેમને આપણી કિંમત સમજાય. તો, વિદેશમાં કે સ્વદેશમાં માનો કે બધા આપણી પ્રશંસા કે બહુમાન કરે તે સમજાય. પરંતુ જ્યારે આપણા પોતાના ગામના, કુટુંબના, ઘરના સભ્યો આપણી પ્રશંસા, બહુમાન કરે તે ઘણી મોટી વાત છે. કેમ કે આપણે સતત તેઓની સાથે, તેઓની વચ્ચે રહેતા હોઈએ, જીવન જીવવા માટેની સામાન્ય દિનચર્યામાં બીજાં બધાંની માફક જ સતત રોકાયેલા હોઈએ. તેથી તેઓ આપણી અગત્યતા, કિંમત સમજી શક્યા ન હોય. અરે! તે સમજવા માટે ક્યારે પણ લક્ષ આપ્યું જ ન હોય, તેમના મનની સ્થિતિ, સમજણ તો ''ગામકા જોગી જોગટા આન ગાંવકા સિદ્ધ'' જેવી હોય. એટલે જ તુલસીદાસે કહ્યું છે કે —

''તુલસી વહાં ન જાઈયો, જહાં બાપ કો ગામ;
દાસ ગયો તુલસી ગયો, રહ્યો તલસીયો નામ.''

તો, તેમની સાથે તેમની વચ્ચે રહી બીજા બધાંની જેમ જીવન જીવવા માટેની દિનચર્યામાં સતત રોકાયેલા હોવા છતાં પણ તેઓ આપણી પ્રશંસા, બહુમાન કરે તે અતિ ઉત્તમ વાત છે. કેમકે તેઓ આમ ત્યારે જ કરી શકે કે જ્યારે તેઓ આપણને પૂરેપૂરા સમજી શક્યા હોય, આપણી સાચી કિંમત તેઓને સમજાઈ હોય. તો આજે અમારા ગામવાળા મિત્ર અહીં અમારું બહુમાન કરી અમને પાઘડી પહેરાવવા સાથે લઈને આવ્યા છે. પરમ દિવસે, કુટુંબનો દીકરો અમને શાલ ઓઢાડવા માટે લઈને આવેલ. આમ આપણા સૌ ઉપર ઓમ્ પરમાત્માની પૂરેપૂરી કૃપા ઊતરી છે. — અસ્તુ.

આજે સવારે સમાચારપત્ર ''ગુજરાત સમાચાર''નાં પાનાં ફેરવતા હતા ત્યારે એક પાનાં ઉપર અમારી નજર પડી. ત્યાં એક સંતનો ફોટો હતો અને તેની નીચે થોડું લખાણ હતું તે વાંચ્યું. અતિ સુંદર, સમજવા લાયક વાત

તેમાં લખી હતી. લખ્યું હતું કે – દુનિયામાં સાત કરોડ મહામંત્રો પ્રચલિત છે. પરંતુ તે બધા જ મંત્રો વિભ્રમ ઉત્પન્ન કરનારા છે. સાચો મંત્ર તો છે ''ગુરુ'' મંત્ર. આ ગુરુગીતાનો એક શ્લોક છે. તેને છાપામાં મૂક્યો છે. તો, મુખ્ય વાત છે ''ગુરુ'' મંત્રની. તો શું આપણે ગુરુ...ગુરુ....ગુરુ એમ બોલ્યે રાખવાથી બધું થઈ જાય? ના, તેમ નથી સમજવાનું. ગુરુ...ગુરુ...ગુરુ એમ બોલ્યા કરવાથી તો આપણને આપણા ગુરુદેવની સતત યાદ રહે છે. ગુરુદેવની યાદ આપણને તેઓશ્રીની જીવનશૈલી, સિદ્ધાંત, ઉદ્દેશ્યોની સતત યાદ આપે છે. જીવ-જગતના કલ્યાણ માટે થઈને તેઓ તન-મન-ધન,વિચાર-વાણી-વર્તનથી સતત કાર્યરત રહે છે તેની યાદ આવે. આ બધું યાદ કરીને તેને વધુમાં વધુ જીવનમાં ઉતારી તે પ્રમાણે જીવવાનો સતત પ્રયત્ન કરીએ તો ''ગુરુ'' મંત્રનો સાચો જાપ કર્યો કહેવાય. આથી જ ''ગુરુ'' મંત્ર બધા મંત્રોમાં ઉત્તમ મંત્ર છે. બાકી બધા જ મંત્રો વિભ્રમ ઉત્પન્ન કરનારા છે તેમ સમજવાનું છે. પહેલાં તો અમે આવા શ્લોકોનાં બોર્ડ લખાવી ભક્તોને ઘરે મુકાવતા હતા, જેથી તે અનાયાસે જ વાંચવામાં આવે અને તેથી તેનું સતત સ્મરણ રહે. અત્યારે અમે તમને જે કાંઈ કહી રહ્યા છીએ તે પણ મહામંત્ર જ છે. – અસ્તુ.

ગઈકાલે 'ધર્મમેઘ'માં એક બહેન આવ્યાં હતાં. તેઓ કહે કે હું અમુક જગ્યાએ અમુક ગુરુ પાસે જઉં છું. પરંતુ હવે મને તેમનામાં સ્હેજ પણ શ્રદ્ધા, વિશ્વાસ રહ્યો નથી. તેમના વિષે તમારું શું માનવું છે? હવે હું શું કરું? કયા મંત્રનો જપ કરું? આમ બધી વાતો કરતાં હતાં. અમે તેમની બધી વાતો સાંભળી, પછી તેમને કહ્યું કે –

આપણે અસલ દાઉદખાની સારા ઘઉં ખરીદવા નીકળ્યા છીએ. રસ્તામાં જતાં જતાં એક દુકાન ઉપર આપણી નજર પડે છે. દુકાનદારે મોટું બોર્ડ લગાવેલું કે અસલ દાઉદખાની સારા ઘઉં મળશે. બોર્ડ વાંચી આપણે દુકાનદાર પાસે જઈને ઘઉંનો નમૂનો માંગ્યો. તેણે આપણને નમૂનો આપ્યો. તે ઘઉં તો સાવ હલકા પ્રકારના અને સડેલા હતા. અથવા તો તે એમ કહે કે તેની પાસે ઘઉં છે જ નહીં. તો શું આપણે તેની સાથે વિવાદ કરવા રોકાઈએ કે તારી પાસે આવા હલકા પ્રકારના ઘઉં છે અથવા ઘઉં છે જ નહીં તો પછી આવું ખોટું બોર્ડ શા માટે લગાવ્યું છે? આ બોર્ડ ઉતારી નાખ. ના, આપણે તેની સાથે કોઈ જ પ્રકારના વિવાદમાં ઊતરવું જોઈએ નહીં. આપણે જેવા ઘઉં જોઈએ છે તે તેની પાસે નથી તેની ખબર પડી એટલે તે એક દુકાન ઘઉં જોવા માટે ઓછી થઈ એમ સમજવાનું અને જેવા જોઈએ તેવા ઘઉં માટે બીજી દુકાનની શોધમાં આગળ વધવું જોઈએ. એમ કહી અમે તેમને કહ્યું કે તમે તો સમજુ છો. આ દૃષ્ટાંતમાં તમે ઘણું બધું સમજી ગયાં હશો. પછી તેઓ કહે કે હું કયા મંત્રનો જપ કરું? અમે કહ્યું કે તમને અત્યારે જે કાંઈ કહ્યું તે જ તમારા માટે મહામંત્ર છે. પછી તેમને કહ્યું કે ગુરુ - પૂર્ણિમાના દિવસે જો અનુકૂળતા હોય તો ઇચ્છાબેનની વાડીમાં આવજો. ત્યાં ભક્તો ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરે છે. ત્યાં પણ જીવન-ઉપયોગી ઘણી બધી વાતો થાય છે. પછી તેમને કહ્યું કે હવે તમે જાઓ.

ઉપરોક્ત દૃષ્ટાંત પેલાં બેનનું કહ્યું તેની ઉપર સૌ કોઈએ વિચાર કરવાનો છે. આપણે આપણા પોતાના કલ્યાણ માટે કોઈ એક સ્થળે કોઈ શ્રદ્ધેયજન પાસે ગયા. ત્યાં ગયા ત્યારે આપણા મનમાં શ્રદ્ધા હતી કે ત્યાં જવાથી મારું કલ્યાણ થશે. થોડા સમય પછી આપણને એવું લાગ્યું કે અહીં આપણે ખોટી જગ્યાએ આવી ગયા છીએ. અહીં આપણું કલ્યાણ નહીં પરંતુ અકલ્યાણ થશે. તો પછી ત્યાં વાદવિવાદમાં પડવાનું નથી. પરંતુ જ્યાં આપણું કલ્યાણ થાય એમ લાગે તેવી જગ્યાની, શ્રદ્ધેય વ્યક્તિની શોધમાં નીકળી પડવાનું છે. આપણને અકલ્યાણકારી લાગતી જગ્યાએથી ખસી જવાનું છે. પરંતુ એ અવશ્ય યાદ રાખવાનું છે કે એવી શોધમાં જ આપણું આખું જીવન વ્યતીત ન થઈ જાય. – અસ્તુ.

મચ્છેન્દ્રનાથના શિષ્ય ગોરખનાથ કહે છે –

''પઢના, લિખના, ચાતુરી યહ તીનોં હૈં ખેલ;
બિંદુ-જય, મન વશકરન, સમાધિ મુશ્કેલ.''

જગતનાં તમામે તમામ ભૌતિક જ્ઞાન-વિજ્ઞાન, સાધન-સંપત્તિ વગેરે પ્રાપ્ત કરવાની હોશિયારી મનુષ્ય થોડીક મહેનતે આસાનીથી મેળવી શકે છે. પરંતુ બિંદુ

જય અર્થાત્ કામવાસના ઉપર કાબૂ, મનના વિકારો ઉપર કાબૂ તથા સમાધિની પ્રાપ્તિ ખૂબ જ મુશ્કેલ કાર્ય છે.

કાળ ગોરખનાથને કહે છે –

"બેઠા ખંડું, ઊભા ખંડું, ખંડું જાગત-સૂતા;
તીન હુ લોક મેં પૈર પસારા, કહાં જાઓગે પૂતા."

કાળ-મહાકાળ ગોરખનાથને કહે છે કે સમગ્ર જગતમાં વસતા સૌ કોઈ જીવો, ચાહે તે કોઈ પણ હાલમાં હોય પરંતુ હર ક્ષણે હું તેમને સતત મારી રહ્યો છું. પૃથ્વી, આકાશ, પાતાળ ત્રણે લોકમાં મારું સામ્રાજ્ય છે, મારા મારથી તમે બચી નહીં શકો.

પછી ગોરખનાથ કાળને જવાબ આપે છે:

"બેઠા ખંડો, ઊભા ખંડો, ખંડો જાગત સૂતા;
મચ્છેન્દ્ર પ્રતાપે ગોરખ બોલ્યા, ના ખંડી શકો અવધૂતા."

પછી ગોરખનાથ કાળને કહે છે કે હે મહાકાળ! હું તમને ગુરુદેવ મચ્છેન્દ્રનાથની કૃપાના પ્રતાપે કહી રહ્યો છું કે ત્રણેય લોકમાં સર્વે જીવોને ભલે મારી શકો પરંતુ જે અવધૂત અવસ્થામાં જીવી રહ્યા છે, પરમાત્મામાં લવલીન થઈને જીવી રહ્યા છે તેમને મૃત્યુનો ભય નથી, તેને તમે કદાપિ મારી શકશો નહિ. – અસ્તુ.

હમણાં સમાચારપત્રમાં સુંદરજી દીવાનની વાત આવેલી. ખૂબ જ સમજવા જેવી વાત છે. સુંદરજી કચ્છના મહારાજાના દીવાન હતા. એક સમયે રાજાના દીકરાનાં લગ્ન હતાં. રાજાએ જાનની દેખરેખ રાખવા જાન સાથે સુંદરજી દીવાનને મોકલેલા. જાન જઈ રહી હતી. રસ્તામાં એક ગામ પાસે આવતાં સુંદરજી દીવાનને જાણવા મળ્યું કે ગામમાં સહજાનંદસ્વામી પધારેલ છે. તેમણે જાનૈયાઓને આગળ જવા કહ્યું. પોતે સહજાનંદસ્વામી પાસે ગયા. ત્યાં જઈને "દાસ સુંદરજી દીવાનના પ્રણામ" એમ કહીને હાથ જોડી સ્વામીની સમીપ ઊભા રહ્યા. સહજાનંદસ્વામીએ તેમને પૂછ્યું કે દાસનું કર્તવ્ય શું? સુંદરજી કહે કે ગુરુજી કહે તેમ કરવું. એટલે સહજાનંદસ્વામીએ સુંદરજી દીવાનને કહ્યું કે આ કિંમતી વસ્ત્રો, અલંકાર પહેર્યા છે તે બધાં ઉતારી નાખો. લંગોટી પહેરી, માથે મૂંડો કરાવીને નીકળી પડો પ્રવાસમાં. સુંદરજી દીવાન તરત જ અલંકાર, વસ્ત્રો ઉતારી, લંગોટી ધારણ કરી માથે મૂંડો કરાવીને નીકળી પડ્યા. મુક્તાનંદ સ્વામીએ આ વાત જાણી એટલે સહજાનંદસ્વામી પાસે દોડતા આવીને કહે ગુરુદેવ આ તમે શું કર્યું? ખૂબ જ ખોટું થયું. સહજાનંદસ્વામી કહે કે મારી કાંઈ ભૂલ થઈ છે? સ્વામી કહે કે ધર્મના પ્રચાર માટે થઈને અમે જે જે ગામમાં જઈએ છીએ ત્યાંની પ્રજા અમારી હાંસી ઉડાવે છે, પથરા મારે છે. અમે ગામમાં ફરી શકતા નથી. ફક્ત કચ્છ જ એક એવું છે કે જ્યાં અમે નિર્ભય બનીને ધર્મના પ્રચાર માટે છૂટથી હરીફરી શકીએ છીએ. તેનું મુખ્ય કારણ આ સુંદરજી દીવાન છે. હવે આપે તેમને સાધુ બનાવી દીધા. એમના કારણે અમે કચ્છમાં છૂટથી હરીફરી શકતા હતા, ત્યાં પણ હવે હરીફરી નહીં શકીએ. આવું સાંભળી સહજાનંદસ્વામી કહે કે એમ વાત છે તો બોલાવો સુંદરજી દીવાનને પાછા. શિષ્યો દોડ્યા અને સુંદરજી દીવાનને પાછા લઈ આવ્યા. આવીને પગે લાગીને કહે કે દાસના પ્રણામ. એટલે સહજાનંદસ્વામીએ તેમને પૂછ્યું કે દાસનું કર્તવ્ય શું છે? સુંદરજી કહે કે ગુરુજી કહે તેમ કરવાનું. સહજાનંદસ્વામી કહે કે તો પાછા તમારાં કીમતી વસ્ત્ર, અલંકાર બધું પહેરી લો અને જાઓ જાન જોડે. સુંદરજી દીવાને કાંઈ જ પૂછ્યા વગર વસ્ત્ર, અલંકાર પહેરી લીધાં અને ઊપડી ગયા પાછા જાન જોડે. કોઈ જ દલીલ નહીં, પ્રશ્ન નહીં, કાંઈ જ નહીં. બસ મારા ગુરુજીએ જે કહ્યું તે બ્રહ્મ વાક્ય. તેઓ કદી ખોટું કહે જ નહીં - મારું કર્તવ્ય છે કે ગુરુદેવના દરેક આદેશનું હર હાલતમાં પાલન કરવું. તેમના દરેક આદેશમાં મારું કલ્યાણ જ સમાયેલું છે. આવી દૃઢ સમજણ જીવનમાં ગુરુદેવ પ્રત્યે રાખવી તે ખરાખરીના ખેલ કહેવાય. અને જો એકવાર આવી સમજણ દૃઢ થઈ જાય તો બેડો પાર થઈ જાય. – અસ્તુ.

અમેરિકાથી એક ભક્તનો અવાર-નવાર ફોન આવે છે. આખું કુટુંબ આપણું ખૂબ જ પ્રેમી. છેલ્લે જ્યારે તેમનો ફોન આવ્યો હતો ત્યારે અમે તેમને કહેલું

કે આ વખતે તમારે અમને ગુરુપૂર્ણિમા નિમિત્તે કોઈ જ ભેટ મોકલવાની નથી. તમે નક્કી કરેલી અમારી ભેટ ત્યાં જમા રાખજો. અમે ત્યાં આવીએ ત્યારે અમારે કામ આવે. તો તેઓ ફોનમાં કહે કે ગુરુદેવ અમે ભેટ તો મોકલીશું અને એટલી બીજી ભેટ આપના માટે અહીં જમા પણ રાખીશું. બન્ને કરીશું. એમાં પણ એમણે બુદ્ધિ દોડાવી. કહે બન્ને કરીશું. અરે ભાઈ! તમને કહ્યું કે ભેટ મોકલવાની નથી એટલે પછી નહીં મોકલવાની. તમને જે આદેશ કર્યો તેનું પાલન કરવું જોઈએ. તે માટે થઈને બુદ્ધિ લડાવવાની નહીં. એ જ સાચી ભેટ છે. – અસ્તુ.

દર રવિવારે ટી.વી.માં સાંઈબાબાની સીરિયલ આવે છે. છેલ્લા એપિસોડમાં એક પ્રસંગ આવેલો. સાંઈબાબા તેમના સ્થાનમાં ભક્તો સાથે બેઠા છે. એવામાં એક માજી કે જેઓ સાંઈબાબાનાં ભક્ત હતાં તેઓ રડતાં રડતાં ત્યાં આવે છે. તેમનો દીકરો મરી ગયો હતો. માજી મૃત્યુ પામેલ દીકરાને રડતાં રડતાં સજીવન કરવા માટે ખૂબ જ આજીજી કરે છે. ત્યાં બેઠેલા બીજા ભક્તો પણ માજીની આજીજીને ટેકો આપે છે. સાંઈબાબા કહે છે કે તેનો દીકરો જીવતો થઈ શકે તેમ નથી. આમ રકઝક ચાલતી હતી તેવામાં ત્યાં એક બકરી ફરતી ફરતી આવે છે. ત્યાં બકરી ઓચિંતી જ ચકરી ખાઈને નીચે પડી જાય છે અને મરી જાય છે. સાંઈબાબા આ જુએ છે એટલે ઊભા થઈ ધૂણીમાંથી ચપટી ભભૂતી લઈ મરેલી બકરી પાસે જઈ અને તેને લગાવે છે. બકરી જીવતી થઈ જાય છે. અને ઊભી થઈને આગળ ચાલી જાય છે. આ પ્રસંગ પેલાં માજી તથા ત્યાં બેઠેલા બીજા ભક્તો જુએ છે. એટલે બધા સાંઈબાબાને કહે છે કે આપ મરેલાને સજીવન કરી શકો છો. માજીના દીકરાને પણ સજીવન કરો. સાંઈબાબા બધાને ના પાડી દે છે અને કહે છે કે તેને સજીવન કરી શકાય તેમ નથી.

સાંઈબાબા મરેલી બકરીને સજીવન કરીને બધાને બતાવે છે કે તેઓ મરેલાને જીવતા કરી શકે તેમ છે. પરંતુ પેલાં માજીના દીકરાને તેઓ સજીવન કરવા માંગતા નથી. સાંઈબાબાએ કહ્યું એટલે પછી ત્યાં વાત સમાપ્ત થઈ જવી જોઈએ. તેની સામે મનમાં કોઈ પ્રશ્ન કે દલીલ ઊઠવી જોઈએ નહીં. મનમાં નક્કી થઈ જવું જોઈએ કે એમણે તેને સજીવન કરવાની ના પાડી તો તેમાં તેનું કલ્યાણ સમાયેલું હશે. તેઓ તેમ કેમ નથી કરતા તે વિષેના ખુલાસા સર્વે આગળ કરવાના હોય નહીં. જો તેમ કરવા જાય તો પેલા જેવું થાય. એક પ્રશ્નનું સમાધાન કરવા જતાં બીજા નવ્વાણું પ્રશ્નો ઊભા થાય. તો, આમ મહાપુરુષોના જીવનમાં જે કાંઈ પ્રસંગ બને છે તે આપણને ચેતવવા માટે હોય છે. અને આમ અંતે તો તેમાં આપણા કલ્યાણની જ ભાવના રહેલી હોય છે. – અસ્તુ.

વલસાડથી અહીં વૃદ્ધ દંપતી આવેલ છે. માજીને તો ચિકનગુનિયા થઈ ગયો હતો. માંડ માંડ ચાલે તેવી તેમની સ્થિતિ છે. દાદાની પણ તબિયત નરમ-ગરમ રહ્યા કરે છે. વળી ચોમાસાની ઋતુ છે. ચારે બાજુ ખૂબ જ વરસાદ પડ્યો છે. આ બધા સંજોગોને ધ્યાનમાં રાખી અમે તેમને ના પાડી હતી કે અહીં મહોત્સવમાં આવશો નહીં. પરંતુ તે દિવસે સવારે તમારા ઘરે જ સ્વાધ્યાય, જપ વગેરે કરજો. કહ્યું હતું કે તમે અહીં આવો અને તમારી તબિયત બગડે તો તમારે અને અમારે બધાએ મુશ્કેલીમાં મુકાવું પડે. તમારી અમને સતત ચિંતા રહ્યા કરે. તેથી અમારું ધ્યાન તમારામાં રોકાયેલું રહે. છતાં પણ અમારા પ્રત્યેના પ્રેમને કારણે તેઓ તો અહીં આવ્યાં છે. ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુજીના સાંનિધ્યમાં જવું તે ભાવના સારી છે. પરંતુ સમય, સંજોગ, સ્થિતિ વગેરેનો વિચાર કરી ગુરુદેવ જો આદેશ કરે તો આપણી ભાવનામાં બાંધછોડ કરીને આદેશને અનુસરવામાં કાંઈ જ અજુગતું નથી.

ગુરુસંતના આદેશને અનુરૂપ આપણે આપણું જીવન જીવીએ તો ગુરુસંતોનો પૂરો લાભ પ્રાપ્ત થાય. માત્ર એકલા પ્રેમથી તે ન મળે. આપણે ગુરુસંત પ્રત્યે પ્રેમ રાખતા હોઈએ અને વર્તન આપણા ધાર્યા મુજબ કરીએ, ગુરુસંતોને જે ગમતું હોય તેમ ન કરીએ તો તમને લાભ પ્રાપ્ત થાય નહીં. આગળ તમને સુંદરજી દીવાન અને

સાંઈબાબાની વાત કરી તે કેટલી સચોટ છે. સાચી સમજણ જેને પ્રાપ્ત કરવી છે, ગુરુ સંતોનો પૂરેપૂરો લાભ જેમને મેળવવો છે તેમના માટે ખરેખર સમજવા લાયક છે. ભગવાને આપણને આંખ, નાક, કાન, હાથ, પગ વગેરે સાબૂત અંગ આપ્યાં છે. તે દ્વારા આપણે ભૌતિક પ્રાપ્તિ તો કરી શકીએ છીએ પરંતુ તેના વડે જે ઇન્દ્રિયાતીત છે તેની પ્રાપ્તિ માટે આપણે ગુરુસંતો પાસે જઈએ છીએ, નહીં કે કોઈપણ પ્રકારની ભૌતિક માગણી માટે. આપણે તો તેમની પાસેથી પારસમણિ લેવાનો છે. ગુરુસંતો તો આપણને તેથી પણ વિશેષ આપી દે છે, આપણને જ પારસમણિ બનાવી દે છે. પરંતુ આ ત્યારે જ શક્ય બને કે જો આપણે તેઓના આદેશ અનુરૂપ જીવન જીવીને દેખાદેખી દંભરહિત સાચા પ્રેમભાવથી તેમની પાસે જઈએ.

શરૂઆતમાં આપણે મંત્ર વિષે ઘણી વિગતે વાત કરી કે દુનિયમાં સાત કરોડ મહામંત્ર છે. પરંતુ તે બધા જ વિભ્રમ ઉત્પન્ન કરનારા છે. સાચો મંત્ર તો એક માત્ર ''ગુરુ'' મંત્ર છે. આ વાતને ખૂબ જ તાત્ત્વિક રીતે સમજવાનો અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવાનો છે. ગુરુ-સંતોએ સમગ્ર જીવ-જગતના સમાજના ઉત્કર્ષ માટે, કલ્યાણ માટે થઈને પોતાના સર્વસ્વનો ભોગ આપી દીધો હોય છે, ત્યાગ કર્યો હોય છે. સદા-સર્વદા એ જ એમનો જીવન-ઉદ્દેશ્ય બની રહ્યો હોય છે. તેમાં જ તેમનો આનંદ સમાયેલો હોય છે. ગુરુ-સંતોનું આવું વિરલ જીવન હોવા છતાં પણ આપણે ઘણી વખત સાંભળતા હોઈએ છીએ કે પેલા સંતને આટલા બધા રોગ હતા, અમુક સંતને આટલા રોગ હતા. આમ ઘણા ગુરુ-સંતો પાછલી ઉંમરમાં અનેક રોગના ભોગ બન્યા હોય છે. તેના સમાધાનમાં તેમના ભક્તો પછી એમ કહેતા હોય છે કે ગુરુસંતો પોતાને સૌથી વિશેષ, પ્રિય એવા પોતાના ભક્તોના રોગ પોતે પોતાની જાત ઉપર લઈ લે છે અને ભક્તોને રોગમુક્ત કરે છે. પરંતુ તેમનું આ સમાધાન સાચું નથી. ગુરુ-સંતો દ્વારા એવી રીતે ભક્તોના રોગ લઈ શકાય નહીં. તેનું કારણ તાત્ત્વિક રીતે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગુરુસંતો પોતાના ભક્તોની મુશ્કેલી, દુઃખ, દર્દ, રોગ વગેરે જોઈને મનમાં ખૂબ જ દુઃખી થાય છે. તેથી તેમના મનમાં સતત ચિંતન-મનન ચાલતું હોય છે કે આવા ભક્તોને તેમની તકલીફોમાંથી કેવી રીતે મુક્ત કરી શકાય. આ તો થઈ માત્ર ભક્તોની વાત. પરંતુ ગુરુસંતો તો સમગ્ર જગતના જીવોનાં દુઃખ જોઈ દુઃખી થતા હોય છે. અને આવા દુખિયારા જીવોને દુઃખમાંથી મુક્ત કરી સુખી કરવા માટે સતત ચિંતન-મનન કરતા હોય છે, પ્રયત્નશીલ રહેતા હોય છે. જીવન પર્યંત જેઓ લોકકલ્યાણના કાર્યમાં જ રત છે તેવા ગુરુસંતોને પણ અમુક પ્રકારનાં ખાન-પાન, આરામ, દિનચર્યાની જરૂરત ઊભી થતી હોય છે. તેની પણ તેઓ લેશમાત્ર પરવા કરતા નથી હોતા. પોતાના આરોગ્યનું જે પણ થવું હોય તે થાય પરંતુ જગતના દુખિયારા જીવોને કેમ કરી સુખી કરવા એ જ એમનું સતત ચિંતન-મનન અને એક માત્ર ધ્યેય હોય છે. પરિણામે તેઓ અનેક વ્યાધિના ભોગ બનતા હોય છે. આમ ગુરુસંતો પોતાના અતિકરુણામય, દયામય સ્વભાવના કારણે પોતાના વ્યક્તિગત સુખની જરાય ચિંતા કર્યા વગર આરોગ્યના નિયમના પાલનની પરવા કર્યા વગર દુઃખીજનોને સુખી કરવા માટે સતત પ્રયત્ન કરતા હોય છે. આમ કરવામાં તેમને પોતાને જે કાંઈ તકલીફો, દુઃખો પડે તેને સુખ સમજી હસતે મોંએ અપનાવી લે છે. આથી જ ''ગુરુ'' મંત્રને સર્વે મંત્રોમાં ઉત્તમ કહ્યો. જ્યારે બીજા સાત કરોડ મંત્રોને વિભ્રમ ઉત્પન્ન કરનારા કહ્યા. તેનાથી કલ્યાણ થતું નથી. માત્ર ''ગુરુ'' મંત્ર જ આપણું કલ્યાણ કરે છે. ગુરુસંતો પાસે જે છે તે જગતમાં બીજા કોઈની પણ પાસે નથી, તે તો અમોઘ અને અમૂલ્ય છે. તે લેવા માટે આપણે તેમની પાસે જઈએ તો છીએ પરંતુ સાફ મનથી નહિ પણ તારું-મારું, લાભ-હાનિ અને પ્રપંચ સાથે જઈએ છીએ તેથી આપણી સ્થિતિ ''અક્કર્મીનો પડિયો કાણો, ખાતાં ખાતાં થાય હંગાણો'' એના જેવી થાય છે. એક ભાઈ જમવા બેઠા. પતરાળાં, પડિયા અપાયા. ભાઈને પડિયો કાણો આવ્યો હશે પણ તેની તેમને ખબર ન હતી. દાળ પીરસાવા માંડી. જ્યાં ભાઈના પડિયામાં દાળ પીરસાઈ બરાબર તે જ સમયે ભાઈને હાજત લાગી. એટલે તેઓ ઊભા થઈને હાજતે ગયા. પાછા આવીને

જુએ છે તો પડિયો ખાલી. પડિયો કાણો હોવાથી દાળ બધી પડિયામાંથી ઢોળાઈ ગઈ અને તેઓ દાળ ખાધા વિનાના રહ્યા. આપણે આવા અક્કર્મી ન થઈએ. ગુરુસંતો પાસે સાફ મનથી જઈએ તો તેમનો સાચો લાભ પ્રાપ્ત કરી શકીએ. આવી વાતો આપણને સતત સાવચેત કરે છે, જાગ્રત રાખે છે. જો જાગ્રત ન રહીએ અને મનમાં મેલ સાથે ગુરુસંતો પાસે જઈએ તો અક્કર્મી કહેવાઈએ. અત્યાર સુધી ગુરુસંતો પાસે જઈને શું મેળવ્યું? કાણો પડિયો જ મેળવ્યો અને પછી હગાણા થયા!

નંદલાલભાઈના લગ્નમાં અમે તેમના ઘોડાની લગામ પકડીને ઊભા છીએ એવો ફોટો એમની પાસે છે. એ ફોટો તેઓ અહીં પણ બતાવવા લઈને આવ્યા છે. ઘોડાની લગામ એવી મજબૂત રીતે પકડવી જોઈએ કે ઘોડો ભડકીને સ્હેજ પણ આઘો-પાછો ન થાય. ગુરુસંતોને આપણે આપણા જીવનરૂપી ઘોડાની લગામ સોંપીએ તો તેઓ સતત એ વાતનું ધ્યાન રાખતા હોય છે કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ આપણો ઘોડો ભડકીને આઘો-પાછો ન થાય. પરંતુ જો લગામ સોંપી જ ન હોય અને પરમાત્માની કૃપાથી આપણી સ્થિતિ સારી થાય તો આપણો ઘોડો તરત જ ભડકી ઊઠે, બેફામ બની જાય.

આપણે લાંબી ફૂટપટ્ટી જેવી દૃષ્ટિથી એટલે કે દીર્ઘ દૃષ્ટિથી જોઈને વિચારવાનું છે કે આપણે જન્મ્યા ત્યારથી અત્યાર સુધી જીવનમાં શું કર્યું? જન્મ્યા પછી બોલતાં-ચાલતાં શીખ્યા. થોડા મોટા થયા એટલે શાળાએ ભણવા ગયા. વર્ષો સુધી ખૂબ ભણ્યા. પછી નોકરીધંધે લાગ્યા. આપણાં લગ્ન થયાં, પત્ની આવી, બાળકો થયાં. તેમના પ્રત્યેની જવાબદારીઓ, ફરજો પૂરી કરવામાં રચ્યા-પચ્યા રહ્યા. આ બધું જોઈને વિચારવાનું છે કે હા!...હા! જન્મ્યા ત્યારથી આજ [illegible] સુધી આ શરીર ઉપર શું શું વીતી છે, કાંઈ બાકી નથી રહ્યું. જગતના વહેવાર, જંજાળ, પ્રપંચ પાછળ ઘાણીના બળદની માફક રગડાતા જ રહ્યા છીએ. હવે તો એમાંથી મુકત થઈ સ્વ-કલ્યાણના પ્રયત્નમાં લાગીએ. કે હજી પણ એ જ કરવાનું છે જે આજ દિન સુધી કરતા આવ્યા છીએ!

"હાડ ચામડાં બહુ બહુ ચૂંથ્યાં, ચાખો જી મધ મીઠું,
બહુ દિવસથી ખોળું હું તમને આજે મુખડું દીઠું! "
– અસ્તુ.

બે દિવસ પહેલાંની વાત છે. શશીકાન્ત ધર્મમેઘમાં અમારી સાથે રૂમમાં હતા. કાયમ માટે ગુરુપૂર્ણિમા અને ઓમ્ જયંતી મહોત્સવમાં, આસુરી તત્ત્વોથી રક્ષણ થાય તે માટે સૂક્ષ્મ કવચરૂપી ઓમ્ ભગવાનની પ્રસાદીનાં વસ્ત્ર ભક્તોને ઓઢાડવામાં આવે છે. તો આજના આ ગુરુપૂર્ણિમાં મહોત્સવમાં પણ વસ્ત્ર-પ્રસાદી ઓઢાડવા માટે તેઓ અમારી બેગ તૈયાર કરી રહ્યા હતા. ત્યાં જરૂર ઊભી થતાં અમે તેમને અમારી ફૂટપટ્ટી લાવવા કહ્યું. તે લઈને આવ્યા - જોયું તો તેમના હાથમાં બે ટુકડા થઈ ગયેલી ફૂટપટ્ટી હતી. અમારી પાસે આવીને કહે, 'ગુરુજી ફૂટપટ્ટી તૂટી ગઈ. બન્યું એવું હશે કે ફૂટપટ્ટી કબાટના હેંડલ ઉપર ભરાવેલી હતી, તે ક્યાંક ભરાઈ ગઈ હશે અને તે જોયા વગર તેમણે તે જોરથી ખેંચી હશે તેથી તૂટી ગઈ હશે. અમે કીધું કે ફૂટપટ્ટી તૂટી ગઈ? તેઓ કહે કે ગુરુજી કાલે નવી લાવી દઈશું. અમે કીધું કે એ પણ સારું, એમાં પણ બુદ્ધિ દોડાવી. એક ઉપર બીજી મૂર્ખતા! અરે! ફૂટપટ્ટી નવી લાવવાની વાત નથી પરંતુ છેલ્લાં પચ્ચીસ વરસથી અમે તે વાપરતા આવ્યા છીએ. હજી પણ એવી ને એવી મજબૂત છે, તોડવી હોય તોય ન તૂટે. તો, તમે એવું તે શું કર્યું કે તે તૂટી ગઈ. કેટલી હદે બેદરકારી કરી હશે! આ વાત જે હું તમને કહી રહ્યો છું તે બધાંને માટે છે. બધાંએ તેમાંથી સાર ગ્રહણ કરવાનો છે. આપણે જે કાંઈ પણ કામ કરીએ તે બરાબર જવાબદારીથી ચોકસાઈપૂર્વક કરવું જોઈએ; કરવા ખાતર નહીં કરવાનું, પરંતુ ધ્યાનપૂર્વક કરવું જોઈએ. જિસકી નિયત મેં ખતરા, ઉસકી કિસ્મત મેં પથરા! – અસ્તુ.

આપણા જીવનરથનાં બે પૈડાં છે : એક સ્વાર્થ અને બીજું પરમાર્થ. જો બન્ને પૈડાં બરાબર એકસાથે ચાલે તો રથ વ્યવસ્થિત ચાલે. પરંતુ જો બેમાંથી એક

પૈડું પણ બરાબર ન ચાલે તો રથ ઊથલી પડે. જીવનમાં માત્ર વહેવાર કે પરમાર્થમાં જ નહીં, પરંતુ બેયમાં ખાંડાની ધારની જેમ સાવધાન રહેવું જોઈએ. બન્નેને બરોબર બરોબર સાચવવાં જોઈએ. તો જ ઘર સંસારરૂપી જીવનરથ બરાબર ચાલે. આ વાતની બરાબર સાવધાની રાખવી જોઈએ.

ખંડેરાવપુરામાં એક ગોરભા હતા. ઘરની સ્થિતિ સાધારણ. તેથી અવાર-નવાર ઘરમાં અશાંતિ પેદા થાય. એટલે ગોરભા કંટાળીને ઘરેથી કાંઈપણ કહ્યા વગર જતા રહે. ચાર છ મહિને પાછા ઘરે આવે. ગામના જુવાનિયાઓ ભેળા થઈ ગોરભાને બેસાડીને પૂછે: બાપા, આટલો સમય ક્યાં ગયા હતા? ગોરભા કહે કે હું તો અમુક જગ્યાએ ફલાણા ભગતના ઘરે ગયો હતો. રોજ સંત્સંગ-ભજન થતાં હતાં. ત્યાં પછી ખૂબ જ મોટો હવન કર્યો. ગામની બહેનોને એકસો આઠ તો સાડી વહેંચી. ખૂબ જ ધામધૂમથી પ્રસંગની ઉજવણી કરી. આવી બધી વાતો કરે. ગામમાં બધાંયને ખબર કે ગોરભા આ બધું હાંકે રાખે છે. ધીરે રહીને ગોરભાને કહે કે ત્યાં આટલી બધી સાડી વહેંચી તો પછી એક બે સાડી ગોરાણીમા માટે ઘરે લેતા આવવી હતી ને! ગોરાણીમા ફાટેલી સાડી પહેરે છે, તો એમને કામ આવત. ગોરભા બોલે પણ શું? મનમાં તો તેઓ જાણતા હતા કે પોતે કેટલા સાચા છે.

મુખ્ય વાત કહેવાની એ છે કે ગૃહસ્થીઓએ વહેવારમાં પણ ખાંડાની ધાર ઉપર ચાલવા જેટલું સાવધાન રહેવાનું છે. એમાં સ્હેજ પણ ઢીલા કે બેદરકાર રહેવાનું નથી. જગતમાં બધું ઊજળું એટલું દૂધ નથી સમજવાનું. ડુંગરા દૂરથી જ રળિયામણા લાગે. આપણે નક્કર ભૂમિકા તૈયાર કરી તેમાં રહેવાનું છે, જીવવાનું છે. બાકી તો

"દેખા દેખી સાધે જોગ, છીજે કાયા બાઢે રોગ."

– અસ્તુ.

શરીરને કાયમ નિરોગી રાખવા માટે જેમ સાતે રસના સેવનની જરૂરત છે તેમ તેને હાસ્ય રસ અને કરુણ રસની પણ તેટલી જ જરૂરત છે. ઉપન્યાસ-સમ્રાટ પ્રેમચંદજીએ લખ્યું છે કે – હસવાના પ્રસંગે જે હસતો નથી અને રોવાના પ્રસંગે જે રોતો નથી તેવા મનુષ્યમાં અમને વિશ્વાસ નથી. મતલબ કે આરોગ્ય માટે હસવાનું અને રડવાનું બંને જરૂરનાં છે. પણ મનુષ્ય હસવાના પ્રસંગે હસે છે ખરો, પણ રડવાના પ્રસંગે રડતાં શરમાય છે. અને તેથી અનેક પ્રકારના રોગોને વહોરી લે છે. જો હસવા-રડવાના પ્રસંગો ઉપસ્થિત ન થાય તો કૃત્રિમ રીતે હસી-રડી લેવું જોઈએ. જો કે અસલ હસવા-રડવા જેટલી હળવાશ કૃત્રિમ ક્રિયામાં નથી આવતી. પણ તોય અમુક લાભ તો કૃત્રિમ હાસ્ય-રુદનથી પણ પ્રાપ્ત થાય છે જ. અમુક કોમમાં દિવાસાના દિવસે સ્મશાનમાં જઈને સમૂહમાં ખૂબ રડવાનો રિવાજ છે. તે દિવસે તેઓ સૌ પોતાના મૃત્યુ પામેલા સગા-સ્નેહીઓને યાદ કરી-કરી ખૂબ રડે છે અને એ રીતે દિલ-દિમાગનો ભાર હળવો કરે છે. આથી હાર્ટ-એટેકનું જોખમ ખૂબ ટળી જાય છે. આપ્તજનોના મૃત્યુ પાછળ ખૂબ રડવાનું રહસ્ય પણ એ જ છે. એથી છાતીનો ભાર ખૂબ ઓછો થઈ જાય છે. હાસ્ય-રુદનના ભાવોના અતિરેકનો નિરોધ થવાથી તે ક્યારેક દબાયેલી સ્પ્રિંગની જેમ છટકે છે અને ત્યારે ઘણું બધું નુકસાન કરે છે. અરીસા સામેના પોતાના પ્રતિબિંબ સામે જોઈને થોડું હસી લેવું અને તેની જ સામે ત્રાટક કરીને થોડું રડી લેવું. જો સાચું હસવા-રોવાનું બનતું જ ન હોય તો.

આ બધી જીવન ઉપયોગી વાતો કરવા માટે થઈને જ તબિયત નરમ હોવા છતાં કરેડિયા કરીને અહીં ઉપસ્થિત થયા છીએ. જે સાંભળી, જીવનમાં ઉતારી સાચાં સુખશાંતિ પામો. પોતાનું તો કલ્યાણ કરો. સાથે સાથે જગતના બીજા જીવોના કલ્યાણમાં પણ સહભાગી બનો, એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

સત્ય-ધર્મ ગુરુદેવની જય,
સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને
એમની જય તો જ આપણી જય.
ૐ....ૐ.....ૐ...

ગુરુપૂર્ણિમા મહોત્સવ, ૨૯-૭-૨૦૦૭, રવિવાર
ઇચ્છાબેનની વાડી.

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

● ट्रस्टना उद्देशो :-

(१) सर्वव्यापक परम सूक्ष्म चेतन तत्त्व के जेनुं नाम प्रणव (ओम् -ॐ) छे तेनी प्रतीति बहुजनसमाजने कराववा प्रयत्न करवो. (२) 'योग' नो प्रचार, प्रसार अने संशोधन करवा प्रयत्न करवो. (३) समाजनुं नैतिक धोरण ऊंचुं लाववा माटे आध्यात्मिक ज्ञाननो साहित्य द्वारा प्रचार अने प्रसार करवानो प्रयत्न करवो. (४) आ उपरांत 'बहुजनहिताय-बहुजनसुखाय'ने लगतां कार्यो जेवां के केळवणी, तबीबी सारवार वगेरे करवा माटे प्रयत्न करवो.

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T. Exe. U/S-80 G (5) No. H.Q. III/33 (821) 2000-01 Up to MARCH-2005.

PRINTED BOOK
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY/34/90-91

To,

લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૩૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૫૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૫ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૫૧ $

લવાજમ મોકલવાનું તથા "ઋતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ
૩/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી
સાથેના સંસ્મરણો તથા પ્રેરક
પ્રસંગો આવકાર્ય છે.